સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 49

[DEC - 2023]
[03/12/23 to 09/12/23]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)






JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

# Timeline

## 03 DEC-2023


- દિવસ મહિમા : 03 ડિસેમ્બર, વિશ્વ વિકલાંગ દિવસ (International Day of Persons with Disabilities) ..... 02
- કેન્દ્ર સરકારે UNLF સાથે ઐતિહાસિક શાંતિ કરાર પર હસ્તાક્ષર કર્યા ..... 02
- કેન્દ્રીય કેબિનેટે 16માં નાણાં પંચ માટે સંદર્ભની શરતોને મંજૂરી આપી ..... 03
- QUESTION ANSWERS ..... 09


## 04 DEC-2023


- દિવસ મહિમા : 04 ડિસેમ્બર, રાષ્ટ્રીય નૌસેના દિવસ ..... 10
- ઈન્ટરનેશનલ મેરીટાઈમ ઓર્ગેનાઈઝેશન (IMO) કાઉન્સિલ માટે ભારત ફરી ચૂંટાઈ આવ્યું ..... 10
- શ્રી સૌરવ ગાંગુલી પશ્ચિમ બંગાળના બ્રાન્ડ એમ્બેસેડર ..... 11
- સુશ્રી કંચન દેવી ICFREના પ્રથમ મહિલા ડિરેક્ટર જનરલ બન્યા ..... 12
- QUESTION ANSWERS ..... 13


## 05 DEC-2023


- દિવસ મહિમા : 05 ડિસેમ્બર, વિશ્વ મૃદા દિન, આર્થિક અને સામાજિક વિકાસ માટે આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક દિવસ ..... 14
- World Malaria Report, 2023 ..... 14
- ભારતના 12માં વડાપ્રધાન શ્રી આઈ.કે.ગુજરાલની પૂણ્યતિથી ..... 17
- સ્પોર્ટ્સ બિઝનેસ લીડર ઓફ ધ યર એવોર્ડ ..... 18
- QUESTION ANSWERS ..... 19


## 06 DEC-2023


- દિવસ મહિમા : 06 ડિસેમ્બર, નાગરિક સુરક્ષા દિવસ, મહાપરિનિર્વાણ દિવસ (ડો. બાબાસાહેબ આંબેડકર પુણ્યતિથિ) ..... 20
- NCRBએ 'ક્રાઈમ ઈન ઈન્ડિયા' રિપોર્ટ જાહેર કર્યો ..... 20
- ચક્રવાત 'મિધિલી' અને ચક્રવાત 'મિચૌંગ' ..... 23
- QUESTION ANSWERS ..... 25


## 07 DEC-2023


- દિવસ મહિમા : 07 ડિસેમ્બર, સશસ્ત્ર સેના ધ્વજ દિન, આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ ..... 26
- ગુજરાતના ગરબાનો યુનેસ્કોની 'અમૂર્ત સાંસ્કૃતિક વિરાસત સૂચિ'માં સમાવેશ ..... 26
- ગૂગલે પ્રોજેક્ટ જેમિનીનું અનાવરણ કર્યું ..... 29
- QUESTION ANSWERS ..... 30


## 08 DEC-2023


- દિવસ મહિમા : 08 ડિસેમ્બર, સબમરીન દિવસ ..... 31
- CID ફેમ એક્ટર શ્રી દિનેશ ફડનીસનું નિધન ..... 31
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહારાષ્ટ્રના રાજકોટ કિલ્લામાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાનું અનાવરણ કર્યું ..... 31
- 91મી ઈન્ટરપોલ જનરલ એસેમ્બલી ..... 32
- QUESTION ANSWERS ..... 34


## 09 DEC-2023


- દિવસ મહિમા : 09 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિન (International Anti-Corruption Day) ..... 35
- જમ્મુ અને કાશ્મીર આરક્ષણ બિલ તથા જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન (સુધારા) બિલ, 2023 ..... 35
- RBIએ પાંચમી વખત રેપો રેટ 6.5 ટકાના દરે જાળવી રાખ્યો ..... 37
- QUESTION ANSWERS ..... 39

ONE LINER ..... 40

QUESTION OF THIS WEEK ..... 46


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 03 ડિસેમ્બર, વિશ્વ વિકલાંગ દિવસ (International Day of Persons with Disabilities)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 3 ડિસેમ્બરના રોજ 'વિશ્વ વિકલાંગ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.



- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ શારીરિક તથા માનસિક રીતે અક્ષમ વ્યક્તિઓ પ્રત્યેના સમાજના વલણમાં બદલાવ લાવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 1992થી આ દિવસ ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી.
- વર્ષ 2023ની વિશ્વ વિકલાંગ દિવસની થીમ 'United in action to rescue and achieve the SDGs for, with and by persons with disabilities' છે.

## કેન્દ્ર સરકારે UNLF સાથે ઐતિહાસિક શાંતિ કરાર પર હસ્તાક્ષર કર્યા

તાજેતરમાં ભારત સરકાર અને મણિપુર સરકારે યુનાઈટેડ નેશનલ લિબરેશન ફ્રન્ટ (UNLF) સાથે શાંતિ કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

- જે મણિપુરના ઈતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ ઘટના છે. તથા તે મણિપુરનું સૌથી જૂનું ખીણ–આધારિત બળવાખોર જૂથ છે.

### યુનાઈટેડ નેશનલ લિબરેશન ફ્રન્ટ (UNLF)

UNLFની રચના 24 નવેમ્બર, 1964માં કરવામાં આવી હતી.

- તે નાગા–પ્રભુત્વ અને કુકી–ઝોમી પ્રભુત્વવાળી ટેકરીઓમાં કાર્યરત વિદ્રોહી જૂથોથી અલગ છે.
- UNLF એ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ, 1997 હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિબંધિત સાત 'મૈતેઈ ઉગ્રવાદી સંગઠનો'માંથી એક છે.
- UNLF ભારતીય સીમા/પ્રદેશની અંદર અને બહાર એમ બંને રીતે કાર્યરત છે.
- આ જૂથ ઘણા સંગઠિત તાલીમ શિબિરો ધરાવે છે.
- UNLFએ શરૂઆતમાં નાગા જૂથોમાં સૌથી મોટા વિદ્રોહી જૂથ NSCN (IM) પાસેથી તાલીમ લીધી હોવાનું માનવામાં આવે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

- તે મણિપુરના તમામ ખીણ વિસ્તારો અને કુકી–ઝોમી પહાડી જિલ્લાઓના કેટલાક ગામોમાં કાર્યરત છે.
- તે પ્રતિબંધિત જૂથ છે, જે મોટાભાગે મ્યાનમારના સગાઈંગ પ્રદેશ, ચિન રાજ્ય અને રખાઈન રાજ્યની શિબિરો અને પ્રશિક્ષણ સ્થળોએથી મ્યાનમાર સૈન્યના સમર્થનથી સંચાલન કરે છે.

## શાંતિ કરારનો ઉદ્દેશ્ય

કેન્દ્ર સરકારે UNLF સાથે કરેલ આ શાંતિ કરાર ખાસ કરીને મણિપુર અને ઉત્તર–પૂર્વ પ્રદેશમાં શાંતિના નવા યુગની શરૂઆત કરવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું બનવાની અપેક્ષા છે.

- ખીણમાંથી મણિપુરી સશસ્ત્ર જૂથે હિંસાનો ત્યાગ કરવાનો અને ભારતના બંધારણને માન આપવા અને દેશના કાયદાઓનું પાલન કરવાનું વચન આપીને સમાજના મુખ્ય પ્રવાહમાં પાછા ફરવાનું નક્કી કર્યુ હોય તેવું આ પહેલું ઉદાહરણ છે.
- આ સમજૂતી UNLF અને સુરક્ષા દળો વચ્ચેની દુશ્મનાવટને સમાપ્ત કરશે.
- આ સાથે UNLFનું સમાજના મુખ્ય પ્રવાહમાં પાછા ફરવાથી ખીણમાં સ્થિત અન્ય સશસ્ત્ર જૂથો પણ શાંતિ પ્રક્રિયામાં ભાગ લેવા પ્રોત્સાહિત થશે.
- આ સમજૂતી જમીની નિયમોના અમલીકરણ પર દેખરેખ રાખવા માટે પીસ મોનિટરિંગ કમિટી (PMC)ની રચના કરવામાં આવશે.

**નોંધ :** (1) કુકીઓ સાથેનો સસ્પેન્શન ઓફ ઓપરેશન્સ (SoO) કરાર 2008માં ભારત સરકાર અને ઉત્તર–પૂર્વના રાજ્યો મણિપુર અને નાગાલેન્ડમાં કાર્યરત વિવિધ કુકી આતંકવાદી જૂથો વચ્ચે યુદ્ધવિરામ કરાર તરીકે હસ્તાક્ષર કરવામાં આવ્યો હતો.

(2) કરાર હેઠળ કુકી આતંકવાદી જૂથો હિંસક ગતિવિધિઓ અને દેખરેખ માટે નિયુક્ત શિબિરોમાં સુરક્ષા દળોના આગમનને રોકવા માટે સંમત થયા હતા.

## કેન્દ્રીય કેબિનેટે 16માં નાણાં પંચ માટે સંદર્ભની શરતોને મંજૂરી આપી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે 16માં નાણા પંચ માટે સંદર્ભની શરતોને મંજૂરી આપી છે.

- 16માં નાણા પંચ માટે સંદર્ભની શરતો નિયત સમયે સૂચિત કરવામાં આવશે.
- આ કમિશન 1 એપ્રિલ, 2026 થી શરૂ થતા આગામી 5 વર્ષના સમયગાળા માટે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે આવકની વહેંચણી માટે સૂત્રની ભલામણ કરવાની મહત્ત્વપૂર્ણ જવાબદારી ધરાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- નોંધનીય છે કે 15માં નાણાપંચની રચના 27 નવેમ્બર, 2017ના રોજ કરવામાં આવી હતી.
- તેમણે તેના વચગાળાના અને અંતિમ અહેવાલો 1 એપ્રિલ, 2020થી શરૂ થતા છ વર્ષના સમયગાળાને આવરી લેતી ભલામણો કરી હતી.
- 15માં નાણાં પંચની ભલામણો નાણાકીય વર્ષ 2025-26 સુધી માન્ય છે.

## 16માં નાણાં પંચ માટે સંદર્ભની શરતો શું છે ?

નાણા પંચ નીચેની બાબતો પર ભલામણ કરશે :

### કર કાર્યવાહીનું વિભાજન

બંધારણના પ્રકરણ 1, ભાગ-12 હેઠળ કેન્દ્ર સરકાર અને રાજ્યો વચ્ચે કરના વિતરણની ભલામણ કરવી.

- તેમાં ટેક્સની આવકમાંથી રાજ્યો વચ્ચે શેરની ફાળવણીનો સમાવેશ થાય છે.

### ગ્રાન્ટ ઈન સહાયના સિદ્ધાંતો

ભારતના સંકલિત ભંડળોમાંથી રાજ્યોને અનુદાન–સહાયનું સંચાલન કરતા સિદ્ધાંતો સ્થાપિત કરવા.

- તેમાં ખાસ કરીને બંધારણના અનુચ્છેદ 275ના હેઠળના ખંડ(1)ની જોગવાઈઓમાં ઉલ્લેખિત ઉદ્દેશ્યથી અલગ ઉદ્દેશ્ય માટે રાજ્યોને ગ્રાન્ટ–ઈન–એઈડ તરીકે પ્રદાન કરવાની રકમ નક્કી કરવાનો સમાવેશ થાય છે.

### સ્થાનિક સંસ્થાઓ માટે રાજ્ય ભંડોળમાં વધારો

રાજ્યના એકીકૃત ભંડોળને વધારવાના પગલાની ઓળખ કરવી

- તેનો ઉદ્દેશ્ય રાજ્યના પોતાના નાણાં પંચ દ્વારા કરાયેલી ભલામણોના આધારે રાજ્યની અંદરની પંચાયતો અને નગરપાલિકાઓને ઉપલબ્ધ સંસાધનોની પૂર્તિ કરવાનો છે.

### આપત્તિ વ્યવસ્થાપન ધિરાણનું મૂલ્યાંકન

કમિશન આપત્તિ વ્યવસ્થાપન પહેલ સંબંધિત વર્તમાન ધિરાણ માળખાની સમીક્ષા કરી શકે છે.

- તેમાં આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, 2005 હેઠળ બનાવેલા ભંડોળની તપાસ અને સુધારાઓ અથવા ફેરફારો માટે યોગ્ય ભલામણો સબમિટ કરવાનો સમાવેશ થાય છે.

**નોંધ :** કમિશન 1 એપ્રિલ, 2026ના રોજ શરૂ થતા પાંચ વર્ષના સમયગાળાને આવરી લેતા 31 ઓક્ટોબર, 2025 સુધીમાં તેનો અહેવાલ ઉપલબ્ધ કરાવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નાણા પંચ (Finance Commission)

નાણાં પંચ એ એક બંધારણીય સંસ્થા છે.

- બંધારણના ભાગ 12માં અનુચ્છેદ 280 હેઠળ નાણાં પંચની જોગવાઈ કરવામાં આવી છે.
- સામાન્ય રીતે દર 5 વર્ષે રાષ્ટ્રપતિ દ્વારા નાણાં પંચની નિમણૂક કરવામાં આવે છે.
- નાણાં પંચમાં 1 અધ્યક્ષ અને 4 અન્ય સભ્યો મળીને કુલ 5 સભ્યો હોય છે.

### અધ્યક્ષ અને સભ્યોની લાયકાત

- બંધારણના અનુચ્છેદ 280(2) અનુસાર નાણાં પંચના અધ્યક્ષ અને સભ્યોની લાયકાત નક્કી કરવાની સત્તા સંસદને છે. સંસદ દ્વારા નક્કી કરવામાં આવેલી નાણાં પંચના અધ્યક્ષ અને સભ્યોની લાયકાત આ પ્રમાણે છે :

**નાણાં પંચના અધ્યક્ષ અને સભ્યોની લાયકાત** →

- નાણાં પંચના અધ્યક્ષ બનવા માટે વ્યક્તિ પાસે સાર્વજનિક કાર્યોનો અનુભવ હોવો જોઈએ તથા સભ્યો પાસે નીચે મુજબની લાયકાત હોવી જોઈએ :
- તેઓ કોઈ હાઈકોર્ટના ન્યાયાધીશ હોય અથવા રહી ચૂકયા હોય અથવા બનવાની લાયકાત ધરાવતા હોવા જોઈએ.
- તેમને સરકારના ખાતા (Account) અને નાણાકીય બાબતો વિશેનું જ્ઞાન હોવું જોઈએ.
- તેઓ આર્થિક બાબતોમાં તજજ્ઞ હોવા જોઈએ.
- તેમને આર્થિક બાબતો અંગેનો અનુભવ હોવો જોઈએ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક

નાણાં પંચના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક 5 વર્ષ માટે રાષ્ટ્રપતિ કરે છે.

## અધ્યક્ષ અને સભ્યોના વેતન અને ભથ્થાં

નાણાં પંચના અધ્યક્ષ અને સભ્યોના વેતન અને ભથ્થાં સંસદની મંજૂરીથી રાષ્ટ્રપતિ નક્કી કરે છે.

## નાણાં પંચના કાર્યો અને સત્તાઓ : [અનુચ્છેદ 280(3)]

ભારતમાં કેન્દ્રીય નાણાં પંચના મુખ્ય કાર્યો અને સત્તાઓ આ પ્રમાણે છે :

(a) ભારતની સંચિત નિધિમાંથી રાજ્યોને અનુદાન આપવા માટે નિયમો નક્કી કરે છે.

(b) અનુચ્છેદ 280(3)(A) મુજબ કર (TAX) દ્વારા પ્રાપ્ત થતી કુલ આવકનું કેન્દ્ર અને રાજ્યો વચ્ચે વિતરણ કરવું.

(c) અનુચ્છેદ 280(3)(B) મુજબ ભારતની સંચિત નિધિમાંથી રાજ્યોને સહાયક અનુદાન આપવા કયા સિદ્ધાંત પાળવા તેની ભલામણ કરવી.

(d) અનુચ્છેદ 280(3)(B)(b) અંતર્ગત રાજ્ય નાણાં પંચ દ્વારા કરવામાં આવેલી ભલામણોના આધારે રાજ્યોમાં પંચાયતોના સાધનોની પૂરતી કરવા રાજ્યની સંચિત નિધિ અથવા તો એકત્રિત ફંડ કે એકીકૃત ભંડોળ (Consolidated Fund)માં વૃદ્ધિ કરવા જરૂરી પગલાં લેવા.

(e) અનુચ્છેદ 280(3)(C) અંતર્ગત રાજ્ય નાણાં પંચ દ્વારા કરવામાં આવેલી ભલામણોના આધારે રાજ્યોમાં નગરપાલિકાઓના સાધનોની પૂરતી કરવા રાજ્યની સંચિત નિધિ અથવા તો એકત્રિત ફંડ કે એકીકૃત ભંડોળ (Consolidated Fund)માં વૃદ્ધિ કરવા જરૂરી પગલાં લેવા.

(f) રાષ્ટ્રપતિ દ્વારા નાણાકીય હિતમાં આપવામાં આવેલી અન્ય કોઈપણ બાબતો.

- નાણાં પંચ પોતાનો અહેવાલ રાષ્ટ્રપતિને આપે છે અને રાષ્ટ્રપતિ આ અહેવાલને સંસદના બંને ગૃહો સમક્ષ મૂકાવે છે. અહીં એ ખાસ નોંધવું જરૂરી છે કે, નાણાં પંચનો અહેવાલ સલાહકારની ભૂમિકા ભજવે છે. તેની જોગવાઈઓને માનવા સરકાર બંધાયેલી નથી, પરંતુ સામાન્ય રીતે સરકાર આ અહેવાલની ભલામણોને માને છે.
- નાગરિક કાર્યવાહી સંહિતા, 1908 અનુસાર નાણાં પંચ પાસે દીવાની અદાલતની બધી સત્તાઓ છે. તેઓ સાક્ષીઓને બોલાવી શકે છે, તથા સાર્વજનિક દસ્તાવેજની નકલ માંગી શકે છે. આવી સત્તાને લીધે તેને એક અર્ધન્યાયિક સંસ્થા પણ કહી શકાય.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતમાં અત્યાર સુધીના નાણાં પંચ

ભારતમાં ઈ.સ. 1951માં પ્રથમ નાણાં પંચની રચના કરવામાં આવી હતી. જેણે પોતાનો અહેવાલ ઈ.સ. 1952માં રજૂ કર્યો હતો. જે 1952થી 1957 સુધી અમલમાં હતો. ભારતના પ્રથમ નાણાં પંચના અધ્યક્ષ શ્રી કે.સી. નિયોગી હતા.

- ભારતમાં અત્યાર સુધી પંદર નાણાં પંચની રચના કરવામાં આવી છે. પંદરમા નાણાં પંચના અધ્યક્ષ શ્રી એન. કે. સિંઘ હતા.
- 15મા નાણાં પંચે કેન્દ્રીય કરમાં રાજ્યોનો હિસ્સો 41% રાખવાની ભલામણ કરી હતી. જેનો સરકારે સ્વીકાર કર્યો હતો.

## ભારતમાં અત્યાર સુધી રચાયેલા નાણાં પંચ

| નાણાં પંચ | અધ્યક્ષ | નિયુક્તિ વર્ષ | રિપોર્ટ જમા કરવાનું વર્ષ | રિપોર્ટના અમલનું વર્ષ |
|---|---|---|---|---|
| પ્રથમ | કે.સી. નિયોગી | 1951 | 1952 | 1952-1957 |

| | | | | |
|---|---|---|---|---|
| બીજું | કે. સંથાનમ | 1956 | 1957 | 1957-1962 |
| ત્રીજું | એ. કે. ચંદા | 1960 | 1961 | 1962-1966 |
| ચોથું | ડો. પી. વી. રાજમન્નાર | 1964 | 1965 | 1966-1969 |
| પાંચમું | મહાવીર ત્યાગી | 1968 | 1969 | 1969-1974 |
| છઠ્ઠું | બ્રહ્માનંદ રેડ્ડી | 1972 | 1973 | 1974-1979 |
| સાતમું | જે. એમ. શેલટ | 1977 | 1978 | 1979-1984 |
| આઠમું | વાય. વી. ચૌહાણ | 1982 | 1984 | 1984-1989 |
| નવમું | એન. કે. પી. સાલ્વે | 1987 | 1989 | 1989-1995 |
| દસમું | કે. સી. પંત | 1992 | 1994 | 1995-2000 |
| અગિયારમું | એ. એમ. ખુસરો | 1998 | 2000 | 2000-2005 |
| બારમું | ડો. સી. રંગરાજન | 2002 | 2004 | 2005-2010 |
| તેરમું | ડો. વિજય કેલકર | 2007 | 2009 | 2010-2015 |
| ચૌદમું | ડો. વાય. વી. રેડ્ડી | 2013 | 2014 | 2015-2020 |
| પંદરમું | એન. કે. સિંહ | 2017 | 2020 | 2021-2026 |

**નોંધ :** ભારતમાં વર્ષ 2020થી 2025 સુધીના સમયગાળા માટે ભલામણ કરવા માટે પંદરમા નાણાં પંચની નિમણૂક કરવામાં આવી હતી. જોકે, ત્યારબાદ આ સમયગાળો વધારીને વર્ષ 2021થી 2026 કરવામાં આવ્યો હતો.

## રાજ્ય નાણાં પંચ (State Finance Commission)

રાજ્ય નાણાં પંચ એ એક બંધારણીય સંસ્થા છે.

- બંધારણના ભાગ 9માં અનુચ્છેદ 243(I) અંતર્ગત રાજ્ય નાણાં પંચની જોગવાઈ કરવામાં આવી છે.
- રાજ્ય નાણાં પંચના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક સંબંધિત રાજ્યના રાજ્યપાલ દર પાંચ વર્ષે કરે છે.

## રાજ્ય નાણાં પંચના કાર્યો

(a) રાજ્ય અને સ્થાનિક સરકારો (પંચાયતો તેમજ નગરપાલિકાઓ) વચ્ચે કરની ચોખ્ખી આવકના નાણાંઓની વહેંચણી કરવી.

(b) રાજ્યની સંચિત નિધિ અથવા તો એકત્રિત ફંડ કે એકીકૃત ભંડોળ (Consolidated Fund)માંથી પંચાયતોને અને નગરપાલિકાઓને જરૂરિયાત મુજબનું અનુદાન આપવા અંગેના નિયમો નિર્ધારિત કરવા.

(c) પંચાયતો અને નગરપાલિકાઓની નાણાકીય સ્થિતિ સુધારવા અંગેના સૂચનો આપવા.

(d) રાજ્ય નાણાં પંચ પોતાના કાર્યો અંગેનો અહેવાલ રાજ્યપાલને સોંપે છે અને રાજ્યપાલ આ અહેવાલ રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકાવે છે.

**નોંધ :** (1) ગુજરાતમાં પ્રથમ નાણાં પંચની સ્થાપના સપ્ટેમ્બર, 1994માં કરવામાં આવી હતી.

(2) ગુજરાત રાજ્યના પ્રથમ નાણાં પંચના અધ્યક્ષ શ્રી જશવંત મહેતા હતા.



1. 'વિશ્વ વિકલાંગ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 ડિસેમ્બર (B) 2 ડિસેમ્બર (C) 3 ડિસેમ્બર (D) 4 ડિસેમ્બર

(C)

2. વર્ષ 2023ના 'વિશ્વ વિકલાંગ દિવસ'ની થીમ શું હતી ?

(A) Promoting the Participation of Persons with Disabilities and their leadership

(B) Bulding back beter : towards an inclusive, accesible and sustainable post covid-19 world by, for and with persons with disabilities

(C) Transformative Solutiouns for inclusive development : the role of Innovation in Fueling an accessible and equitable world

(D) United in action to rescue and achieve the SDGs for, with and by Persons with disabilities

(D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

3. તાજેતરમાં કેન્દ્ર સરકારે 'યુનાઈટેડ નેશનલ લિબરેશન ફ્રન્ટ' (UNLF) સાથે શાંતિ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ UNLF કયા રાજ્યમાં સ્થિત વિદ્રોહી જૂથ છે ?

(A) મણિપુર (B) અરૂણાચલ પ્રદેશ (C) છત્તીસગઢ (D) આસામ

(A)

4. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે 16માં નાણાં પંચ માટે સંદર્ભોની શરતોને મંજૂરી આપી હતી. આ 'નાણાં પંચ' (Finance commission) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે એક બંધારણીય સંસ્થા છે.
2. બંધારણના ભાગ-11ના અનુચ્છેદ-267માં તેનો ઉલ્લેખ કરેલ છે.
3. સામાન્ય રીતે દર 5 વર્ષે રાષ્ટ્રપતિ દ્વારા નાણાં પંચની નિમણૂક કરવામાં આવે છે.
4. નાણાં પંચમાં 1 અધ્યક્ષ અને 4 અન્ય સભ્યો મળીને કુલ 5 સભ્યો હોય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1, 3 અને 4

(C) માત્ર 1 અને 4 (D) 1, 2, 3 અને 4

(B)

## દિવસ મહિમા : 04 ડિસેમ્બર, રાષ્ટ્રીય નૌસેના દિવસ



ભારતમાં નૌકાદળની સિદ્ધિઓની યાદમાં દર વર્ષે 4 ડિસેમ્બરના રોજ 'રાષ્ટ્રીય નૌસેના દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 1971ના ભારત–પાકિસ્તાન યુદ્ધ દરમિયાન 4 ડિસેમ્બર, 1971ના રોજ ભારતીય નૌકાદળની મિસાઈલ બોટ દ્વારા પાકિસ્તાનના કરાચી બંદર પર કરવામાં આવેલા શક્તિશાળી હુમલાની યાદમાં તથા આ યુદ્ધના તમામ શહિદોના માનમાં ભારતમાં 4 ડિસેમ્બરના રોજ 'રાષ્ટ્રીય નૌસેના દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- નોંધનીય છે કે પાકિસ્તાનની સૈન્યએ 3 ડિસેમ્બર, 1971ના રોજ ભારતના હવાઈ વિસ્તાર અને સરહદી વિસ્તાર પર હુમલો કર્યો હતો.
- જવાબી કાર્યવાહીમાં ભારતે 'ઓપરેશન ટ્રાઈડેન્ટ' શરૂ કર્યું હતું. અને આ સાથે 1971ના યુદ્ધની શરૂઆત થઈ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ:** (1) ભારતમાં અંગ્રેજો દ્વારા 1612માં ભારતીય નૌસેનાની સ્થાપના કરવામાં આવી હતી.

(2) ભારતમાં જહાજ બાંધવાનો ઉદ્યોગ પોર્ટુગીઝોએ વિકસાવ્યો હતો.

(3) ભારતમાં 17મી સદીમાં થઈ ગયેલા મરાઠા સમ્રાટ શ્રી છત્રપતિ શિવાજી મહારાજ 'ભારતીય નૌસેનાના પિતા' ગણાય છે.

(4) ભારતીય નૌકાદળનું સુત્ર 'શમનો વરુણ' છે. તેનો અર્થ એ છે કે પાણીના દેવતા વરુણ આપણા માટે શુભ છે.

## ઈન્ટરનેશનલ મેરીટાઈમ ઓર્ગેનાઈઝેશન (IMO) કાઉન્સિલ માટે ભારત ફરી ચૂંટાઈ આવ્યું

તાજેતરમાં ભારત કાઉન્સિલ ઓફ ધ ઈન્ટરનેશનલ મેરીટાઈમ ઓર્ગેનાઈઝેશન (IMO) માટે ફરીથી ચૂંટાયું છે.



- આ પુનઃચૂંટણી 2024-25 દ્વિવાર્ષિકનો ભાગ, જે ભારતને 'આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપારમાં સૌથી વધુ રસ' ધરાવતા 10 રાજ્યોમાં સ્થાન આપે છે.
- અને વૈશ્વિક દરિયાઈ બાબતોમાં તેની મહત્ત્વપૂર્ણ ભૂમિકાની પુનઃપૃષ્ઠિ કરે છે.

- ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ફ્રાન્સ, જર્મની, નેધરલેન્ડ, સ્પેન, સ્વીડન અને સંયુક્ત આરબ અમીરાત જેવા દેશોની સાથે આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપારમાં સૌથી વધુ રસ ધરાવતા 10 રાજ્યોની શ્રેણીમાં ભારત આવે છે.

## IMO

IMOનું પૂરું નામ 'ઈન્ટરનેશનલ મેરીટાઈમ ઓર્ગેનાઈઝેશન' છે.

- IMO એ યુનાઈટેડ નેશન્સ (UN)ની વિશિષ્ટ એજન્સી છે જે શિપિંગને નિયંત્રિત કરવા અને જહાજોમાંથી દરિયાઈ પ્રદૂષણને રોકવા માટે જવાબદાર છે.
- IMOની સ્થાપના 1948માં જીનીવામાં સંયુક્ત રાષ્ટ્ર પરિષદ પછી કરવામાં આવી હતી અને 1958માં અસ્તિત્વમાં આવી હતી.



- IMOના 175 સભ્ય દેશો અને ત્રણ સહયોગી સભ્યો છે.
- તેનું મુખ્ય મથક યુનાઈટેડ કિંગ્ડમના લંડનમાં સ્થિત છે.
- ભારત 1959માં IMOમાં જોડાયું હતું.
- IMOની ભૂમિકા નીચે મુજબ છે :
  (a) તેની મુખ્ય ભૂમિકા શિપિંગ ઉદ્યોગ માટે એક નિયમનકારી માળખું બનાવવાની છે જે ન્યાયી અને અસરકારક હોય, સાર્વત્રિક રીતે અપનાવવામાં આવે અને સાર્વત્રિક રીતે લાગુ કરવામાં આવે.
  (b) તે કાનૂની બાબતોને પણ આવરી લે છે, જેમાં જવાબદારી અને વળતરના મુદ્દાઓ અને આંતરરાષ્ટ્રીય દરિયાઈ ટ્રાફિકની સરળતાનો સમાવેશ થાય છે.
- IMO સભ્યોની એસેમ્બલી દ્વારા સંચાલિત થાય છે, જે દ્વિવાર્ષિક રીતે મળે અને 40 સભ્યોની કાઉન્સિલ, જે બે વર્ષની મુદત માટે એસેમ્બલી દ્વારા ચૂંટાય છે.
- IMOનું સર્વોચ્ચ સંચાલક મંડળ એસેમ્બલી છે.
- તથા કાઉન્સિલ એ IMOની સંસ્થા છે અને સંસ્થાના કાર્યની દેખરેખ માટે જવાબદાર છે.
- તે એસેમ્બલીના કાર્યો કરે છે, જેમાં દરિયાઈ સુરક્ષા અને પ્રદૂષણ નિવારણ અંગે સરકારોને ભલામણ કરવી સામેલ છે.

## શ્રી સૌરવ ગાંગુલી પશ્ચિમ બંગાળના બ્રાન્ડ એમ્બેસેડર

તાજેતરમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર શ્રી સૌરવ ગાંગુલીને પશ્ચિમ બંગાળ રાજ્યના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કર્યા છે.



- કોલકાતામાં આયોજિત વાર્ષિક કાર્યક્રમ બંગાળ ગ્લોબલ બિઝનેસ સમિટ દરમિયાન આ જાહેરાત કરવામાં આવી હતી.
- શ્રી સૌરવ ગાંગુલીનું પૂરું નામ શ્રી સૌરવ ચંડિદાસ ગાંગુલી છે.
- શ્રી સૌરવ ગાંગુલીનો જન્મ 8 જુલાઈ, 1972ના રોજ પશ્ચિમ બંગાળના કોલકાતાના બેહાલા ખાતે થયો હતો.
- તેઓ Dada, Prince of Culcutta, Maharaja અને God of the off Sideના હુલામણા નામથી પ્રસિદ્ધ છે.
- તેઓ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે.

## સુશ્રી કંચન દેવી ICFREના પ્રથમ મહિલા ડિરેક્ટર જનરલ બન્યા



તાજેતરમાં મધ્યપ્રદેશ કેડરના 1991 બેચના ભારતીય વન સેવા અધિકારી સુશ્રી કંચન દેવીને ભારતીય વનીકરણ સંશોધન શિક્ષણ (ICFRE) કાઉન્સિલના ડિરેક્ટર જનરલ (DG) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- આ એક ઐતિહાસિક ક્ષણ છે કારણ કે તેઓ કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય હેઠળની આ મુખ્ય કાઉન્સિલમાં પ્રતિષ્ઠિત પદ સંભાળનાર પ્રથમ મહિલા અધિકારી બન્યા છે.

### ICFRE

ICFREનું પૂરું નામ 'ઈન્ડિયન કાઉન્સિલ ઓફ ફોરેસ્ટ્રી રિસર્ચ એન્ડ એજ્યુકેશન' છે.

- તે પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય હેઠળની એક સરકારી એજન્સી અથવા સ્વાયત્ત સંસ્થા છે.
- ICFREની સ્થાપના વર્ષ 1986માં કરવામાં આવી હતી.
- તેનું મુખ્ય મથક ઉત્તરાખંડ રાજ્યના દેહરાદૂનમાં આવેલું છે.
- તે ભારત સરકાર, રાજ્ય સરકારો, ખેડૂતો, ઉદ્યોગો અને શિક્ષણવિદો સહિત વિવિધ હિસ્સેદારોને વનસંશોધન અને તકનીકો અંગે સલાહ આપવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

1. ભારતમાં દર વર્ષે કયો દિવસ 'રાષ્ટ્રીય નૌસેના દિન' તરીકે ઉજવાય છે ?

(A) 1 ડિસેમ્બર (B) 2 ડિસેમ્બર (C) 3 ડિસેમ્બર (D) 4 ડિસેમ્બર **(D)**

2. 4 ડિસેમ્બર, 1971ના રોજ ભારતીય નૌકાદળ દ્વારા પાકિસ્તાનના કયા બંદર પર કરવામાં આવેલા શક્તિશાળી હુમલાની યાદમાં ભારતમાં દર વર્ષે 4 ડિસેમ્બરના રોજ નૌસેના દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) ગ્વાદર (B) મુલતાન

(C) કરાચી (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(C)**

3. ભારતમાં 'ભારતીય નૌસેનાના પિતા' તરીકે કોણ ઓળખાય છે ?

(A) લોર્ડ કોર્નવોલિસ (B) લોર્ડ વિલિયમ બેન્ટિક

(C) ટીપુ સુલતાન (D) છત્રપતિ શિવાજી મહારાજ **(D)**

4. તાજેતરમાં 'ઈન્ટરનેશનલ મેરીટાઈમ ઓર્ગેનાઈઝેશન' (IMO) કાઉન્સિલ માટે ભારત ફરી ચૂંટાઈ આવ્યું છે. આ IMO વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે UNની એક વિશિષ્ટ એજન્સી છે જે શિપિંગને નિયંત્રિત કરવા અને જહાજોમાંથી દરિયાઈ પ્રદૂષણને રોકવા માટે જવાબદાર છે.
2. તેનું મુખ્યમથક લંડનમાં આવેલું છે.
3. ભારત 1949માં IMOમાં જોડાયું હતું.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 **(C)**

5. તાજેતરમાં પશ્ચિમ બંગાળ રાજ્યના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?

(A) શ્રી સુનિલ છેત્રી (B) શ્રી સોનુ નિગમ (C) શ્રી પંકજ ત્રિપાઠી (D) શ્રી સૌરવ ગાંગુલી **(D)**

6. તાજેતરમાં 'ઈન્ડિયન કાઉન્સિલ ઓફ ફોરેસ્ટ્રી રિસર્ચ એન્ડ એજ્યુકેશન' (ICFRE)ના પ્રથમ મહિલા ડિરેક્ટર જનરલ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?

(A) સુશ્રી સ્વાતી ઐયર (B) સુશ્રી કંચન દેવી

(C) સુશ્રી પ્રીથા રેડ્ડી (D) સુશ્રી અવની પીરમલ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 05 ડિસેમ્બર, (1) વિશ્વ મૃદા દિન (World Soil Day) (2) આર્થિક અને સામાજિક વિકાસ માટે આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક દિવસ

### વિશ્વ મૃદા દિન



સમગ્ર વિશ્વમાં 5 ડિસેમ્બરના રોજ 'વિશ્વ મૃદા દિવસ' (World Soil Day)ની ઉજવણી કરવામાં આવે છે.

- આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતો અને સામાન્ય લોકોને માટીના મહત્વથી વાકેફ કરવાનો છે.
- વર્ષ 2002માં આંતરરાષ્ટ્રીય મૃદા વિજ્ઞાન સંઘ દ્વારા 5 ડિસેમ્બરના રોજ 'વિશ્વ મૃદા દિવસ'ની ઉજવણી કરવાની ભલામણ કરી હતી. ત્યારબાદ FAOએ પણ તેમને સમર્થન કર્યું હતું.
- ત્યારબાદ ડિસેમ્બર, 2013માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 68માં સત્રમાં 5 ડિસેમ્બરને 'વિશ્વ મૃદા દિન' તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી.
- પ્રથમ 'વિશ્વ મૃદા દિન' 5 ડિસેમ્બર, 2014ના રોજ ઉજવવામાં આવ્યો હતો.
- આ દિવસ થાઈલેન્ડના સ્વર્ગસ્થ રાજા ભૂમિબોલ અદુલ્યાદેજના જન્મદિવસ સાથે એકરૂપ છે. તે પહેલના મુખ્ય સમર્થક હતા.
- વિશ્વ મૃદા દિવસ 2023ની થીમ 'Soil and Water : a Source of Life' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## World Malaria Report, 2023

તાજેતરમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા 'વર્લ્ડ મેલેરિયા રિપોર્ટ, 2023' (World Malaria Report, 2023) બહાર પાડવામાં આવ્યો છે.

- વર્લ્ડ મેલેરિયા રિપોર્ટ, 2023 ભારતમાં અને વૈશ્વિક સ્તરે મેલેરિયાની ચિંતાજનક સ્થિતિને પ્રકાશિત કરે છે.
- ભારત વિશેના વર્લ્ડ મેલેરિયા રિપોર્ટના તારણો મેલેરિયા સામેની ભારતની લડાઈમાં સકારાત્મક વલણ દર્શાવે છે, જે રોગના વધતા કેસ અને મૃત્યુના વૈશ્વિક વલણો સાથે વિરોધાભાસી છે.
- અહેવાલમાં દર્શાવ્યા મુજબ મેલેરિયા સામેના વૈશ્વિક પ્રતિસાદ માટેના ઘણા જોખમો પૈકીનું એક આબોહવા પરિવર્તન છે.

## રિપોર્ટના મુખ્ય મુદ્દાઓ

### વૈશ્વિક મેલેરિયા અવલોકન

વર્લ્ડ મેલેરિયા રિપોર્ટ, 2023 અનુસાર વર્ષ 2022માં અંદાજિત 249 મિલિયન કેસ સાથે વૈશ્વિક વધારો થયો છે.

- જે Covid-19 મહામારી પહેલાના કેસોની અંદાજિત સંખ્યા કરતા વધારે છે.
- કોવિડ-19 વિક્ષેપ, દવા પ્રતિકાર, માનવતાવાદી કટોકટી અને આબોહવા પરિવર્તન વૈશ્વિક મેલેરિયા પ્રતિભાવ માટે જોખમ ઉભું કરે છે.
- વૈશ્વિક સ્તરે મેલેરિયાના 95% કેસ તો ફક્ત 29 દેશોમાં જ જોવા મળે છે.
- જેમાંથી ચાર દેશો નાઈજીરીયા–27%, ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો–12%, યુગાન્ડા–5% અને મોઝામ્બિક–4%.... વૈશ્વિક સ્તરે મેલેરિયાના લગભગ અડધા કેસ માટે જવાબદાર છે.

### ભારતનું મેલેરિયા દશ્ય


WHO દક્ષિણ–પૂર્વ એશિયા ક્ષેત્રમાં 2022માં મેલેરિયાના આશ્ચર્યજનક 66% કેસ ભારતમાં હતા.

- 2015થી કેસોમાં 55%નો ઘટાડો થયો હોવા છતા ભારત વૈશ્વિક મેલેરિયાના ભારણમાં નોંધપાત્ર યોગદાન આપનાર છે.
- વર્ષ 2023માં કમોસમી વરસાદને લગતા કેસોમાં વધારો સહિત ભારતને ઘણા પડકારોનો સામનો કરવો પડે છે.
- WHO દક્ષિણ–પૂર્વ એશિયા ક્ષેત્રમાં મેલેરિયાથી થતા મૃત્યુમાં ભારત અને ઈન્ડોનેશિયાનો હિસ્સો લગભગ 94% છે.

### પ્રાદેશિક અસર

આફ્રિકા મેલેરિયાથી સૌથી વધુ પ્રભાવિત છે, જેમાં વૈશ્વિક મેલેરિયાના 94% કેસ અને 2022માં 95% મૃત્યુ થયા છે.

- WHO દક્ષિણ–પૂર્વ એશિયા પ્રદેશ ભારત સહિત છેલ્લા બે દાયકામાં મેલેરિયાને નિયંત્રિત કરવામાં વ્યવસ્થાપિત છે.
- જેમાં વર્ષ 2000થી અત્યાર સુધીમાં આ રોગ અને તેના કારણે થતા મૃત્યુના કેસોમાં 77%નો ઘટાડો થયો છે.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આબોહવા પરિવર્તન ઘટનાઓ અને મેલેરિયા

પૂર જેવી આત્યંતિક ઘટનાઓની વધેલી આવૃત્તિ મચ્છરો માટે આદર્શ સંવર્ધન સ્થળ બનાવે છે, જેના કારણે મેલેરિયાના કેસોમાં વધારો થાય છે.

- મેલેરિયાના સંક્રમણ અને એકંદર બોજને પ્રભાવિત કરતા મુખ્ય પરિબળ તરીકે આબોહવા પરિવર્તન ઉભરી આવ્યું છે.
- WHO ભારપૂર્વક જણાવે છે કે આબોહવા પરિવર્તનથી મેલેરિયા વધવાનું જોખમ ઉભું થાય છે, જેને ટકાઉ અને સ્થિતિસ્થાપક પ્રતિસાદની જરૂર છે.

નોંધ : (1) WHOનું લક્ષ્ય 2025 સુધીમાં 75% અને 2030 સુધીમાં 90% સુધી મેલેરિયાની ઘટનાઓ અને મૃત્યુદર ઘટાડવાનું છે.

(2) મેલેરિયા નિયંત્રણ માટે ભંડોળનો તફાવત 2018માં 2.3 બિલિયન અમેરિકન ડોલરથી વધીને 2022માં 3.7 અમેરિકન ડોલર થઈ ગયો છે.

(3) અહેવાલ આફ્રિકન દેશોમાં WHO દ્વારા ભલામણ કરાયેલ મેલેરિયા રસી RTS, S/AS01ની તબક્કાવાર રજૂઆત દ્વારા મેલેરિયા નિવારણમાં નોંધપાત્ર પ્રગતિ પર ભાર મૂકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## મેલેરિયા

મેલેરિયા એ 'મચ્છરજન્ય રક્ત રોગ' (Mosquito Borne Blood Disease) છે.

- તે ચેપગ્રસ્ત માદા એનોફિલિસ (Anopheles) મચ્છરના ડંખથી ફેલાય છે.
- આ રોગ થવાનું મુખ્ય કારણ પ્લાઝમોડિયમ જૂથના કેટલાક પરોપજીવીઓ છે.
- જેમાં ફાલ્સીપેરમ નામના પ્લાઝમોડિયમને સૌથી ઘાતક માનવામાં આવે છે.
- સંક્રમિત એનોફિલિસ માદા મચ્છર જ્યારે મનુષ્યને કરડે છે ત્યારે પ્લાઝમોડીયમ સ્પોરોઝઓઈટ સ્વરૂપે મનુષ્યના શરીરમાં પ્રવેશે છે.
- માનવ શરીરમાં પ્રવેશ્યા પછી આ પરોપજીવીઓ યકૃતના કોષોની ગુણાત્મક વૃદ્ધિ કરે છે.
- ત્યારબાદ તેઓ લાલ રક્ત કોશિકાઓ (RBC)નો નાશ કરે છે, પરિણામે RBCને નુકશાન થાય છે.
- મેલેરિયાના લક્ષણોમાં તાવ અને ફ્લૂ જેવા લક્ષણોનો સમાવેશ થાય છે, જેમાં માથાનો દુખાવો, સ્નાયુમાં દુખાવો અને થાક લાગે છે.


**નોંધ:** (1) 23 એપ્રિલ 2019ના રોજ આફ્રિકી દેશ મલાવીમાં વિશ્વની પ્રથમ મેલેરિયાની રસી લોન્ચ કરવામાં આવી હતી.

(2) આ રસીનું નામ RTS-S/A S01 છે. અને તેનું વ્યાપારી નામ 'Mosquirix' (મોસ્કવીરીક્સ) છે.

(3) વર્ષ 2019માં આ રસી લોન્ચ કર્યા બાદ ઓક્ટોબર 2021માં WHOએ તેને માન્યતા આપી હતી.

(4) સમગ્ર વિશ્વમાં દર વર્ષે 25 એપ્રિલના રોજ 'વિશ્વ મેલેરિયા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

## ભારતના 12માં વડાપ્રધાન શ્રી આઈ.કે. ગુજરાલની પૂણ્યતિથી



30 નવેમ્બરના રોજ 'ગુજરાલ સિદ્ધાંતોનાં પ્રણેતા' અને ભારતના 12માં વડાપ્રધાન શ્રી આઈ.કે. ગુજરાલની 11મી પૂણ્યતિથિની ઉજવણી કરવામાં આવી હતી.

### શ્રી આઈ.કે. ગુજરાલ

શ્રી આઈ.કે.ગુજરાલનો જન્મ 4 ડિસેમ્બર, 1919ના રોજ બ્રિટિશ ભારતમાં અવિભાજિત પંજાબમાં આવેલા જેલમ જિલ્લાના સોહવા તાલુકાના પરી દરવેઝા ગામમાં થયો હતો.

- તેનું પૂરું નામ ઈન્દર કુમાર ગુજરાલ હતું.
- તેમણે ભારતના 12માં વડાપ્રધાન તરીકે સેવા આપી હતી.
- તેમણે 12માં વડાપ્રધાન તરીકે એપ્રિલ, 1997 થી માર્ચ 1998 સુધી સેવા આપી હતી.
- શ્રી આઈ.કે. ગુજરાલને ભારતીય વિદેશ નીતિમાં બે મહત્ત્વપૂર્ણ યોગદાન માટે યાદ કરવામાં આવે છે.

(1) 1996 થી 1997 દરમિયાન કેન્દ્રીય વિદેશ મંત્રી રહીને તેમણે 'ગુજરાલ સિદ્ધાંત'નો પ્રસ્તાવ મૂક્યો હતો.

(2) આંતરરાષ્ટ્રીય દબાણ છતા તેમણે ઓક્ટોબર, 1996માં 'કોમ્પ્રીહેન્સિવ ન્યુક્લિયર ટેસ્ટ બેન ટ્રીટી' (CTBT) પર હસ્તાક્ષર કરવાનો ઈનકાર કર્યો હતો.

### ગુજરાલ સિદ્ધાંત શું છે ?

ગુજરાલ સિદ્ધાંતે ભારતના પાડોશીઓ પ્રત્યે તેનો અભિગમ વ્યક્ત કર્યો હતો, જે પાછળથી ગુજરાલ સિદ્ધાંત તરીકે જાણીતો થયો હતો.

- ગુજરાલ સિદ્ધાંતોમાં મુખ્યત્વે પાંચ મૂળભૂત સિદ્ધાંતોનો સમાવેશ થતો હતો.
- તેની રૂપરેખા સપ્ટેમ્બર, 1996માં લંડનના ચેથમ હાઉસ ખાતેના ભાષણમાં વ્યક્ત કરવામાં આવી હતી.
- ગુજરાલ સિદ્ધાંતના પાંચ મૂળભૂત સિદ્ધાંતો :

(1) ભારતે તેના પાડોશી દેશો નેપાળ, બાંગ્લાદેશ, ભૂટાન, માલદીવ અને શ્રીલંકા સાથે વિશ્વાસપાત્ર સંબંધો સ્થાપિત કરવા પડશે, તેમની સાથેના વિવાદોને વાતચીત દ્વારા ઉકેલવા પડશે અને તેમને આપવામાં આવેલી કોઈપણ મદદના બદલામાં તરત જ કંઈપણ મેળવવાની અપેક્ષા રાખવી જોઈએ નહીં.

(2) દક્ષિણ એશિયાના દેશો આ ક્ષેત્રના અન્ય કોઈ દેશના હિતોને નુકસાન પહોંચાડવા માટે તેમના પ્રદેશનો ઉપયોગ સહન કરશે નહીં.

(3) કોઈપણ દેશ અન્ય કોઈ દેશની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ કરશે નહીં.

(4) દક્ષિણ એશિયાના તમામ દેશોએ એકબીજાની પ્રાદેશિક અખંડિતતા અને સાર્વભૌમત્વનું સન્માન કરવું જોઈએ.

(5) તેઓએ શાંતિપૂર્ણ દ્વિપક્ષીય વાટાઘાટો દ્વારા તેમના તમામ વિવાદોનું સમાધાન કરવું જોઈએ.

## સ્પોર્ટ્સ બિઝનેસ લીડર ઓફ ધ યર એવોર્ડ

BCCI સેક્રેટરી શ્રી જય શાહને કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી' (CII)નો પ્રતિષ્ઠિત 'સ્પોર્ટ્સ બિઝનેસ લીડર ઓફ ધ યર એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો છે.

- શ્રી જય શાહને તેમના અસાધારણ પ્રદર્શન માટે સ્પોર્ટ્સ બિઝનેસ લીડર ઓફ ધ યરના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.
- આ ઉપરાંત રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક તથા પ્રમુખ સુશ્રી નીતા અંબાણીને CII સ્કોરબોર્ડ પ્રોગ્રામમાં સ્પોર્ટ્સ લીડર ઓફ ધ યર ફિમેલના પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- સુશ્રી નીતા અંબાણીને ભારતમાં રમતગમતોને પ્રોત્સાહન આપવા બદલ આ એવોર્ડ આપવામાં આવ્યો છે.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ‘વિશ્વ મૃદા દિન’ અથવા 'World Soil Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 3 ડિસેમ્બર (B) 4 ડિસેમ્બર (C) 5 ડિસેમ્બર (D) 6 ડિસેમ્બર **(C)**

2. યુનાઈટેડ નેશન્સ દ્વારા ‘આર્થિક સામાજિક વિકાસ માટે આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 3 ડિસેમ્બર (B) 4 ડિસેમ્બર (C) 5 ડિસેમ્બર (D) 6 ડિસેમ્બર **(C)**

3. તાજેતરમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા ‘વર્લ્ડ મેલેરિયા રિપોર્ટ 2023’ (World Malaria Report, 2023) બહાર પાડવામાં આવ્યો હતો. આ રિપોર્ટ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. વર્લ્ડ મેલેરિયા રિપોર્ટ, 2023 અનુસાર વર્ષ 2022માં અંદાજિત 249 મિલિયન કેસ સાથે વૈશ્વિક વધારો થયો છે.
2. આ રિપોર્ટ અનુસાર WHO દક્ષિણ–પૂર્વ એશિયા ક્ષેત્રમાં 2022માં મેલેરિયાના આશ્ચર્યજનક 66% કેસ ભારતમાં હતા.
3. વેનેઝુએલા, ઝિમ્બાબ્વે, નેપાળ, અફઘાનિસ્તાન અને સિરિયા વૈશ્વિક સ્તરે મેલેરિયાના લગભગ અડધા કેસ માટે જવાબદાર છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 **(A)**

4. શ્રી આઈ.કે. ગુજરાલ ભારતના કેટલામાં વડાપ્રધાન હતા ?

(A) છઠ્ઠા (B) નવમાં (C) દસમાં (D) બારમાં **(D)**

5. તાજેતરમાં CIIના પ્રતિષ્ઠિત ‘સ્પોર્ટ્સ બિઝનેસ લીડર ઓફ ધ યર એવોર્ડ’ની જાહેરાત કરવામાં આવી હતી. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. મેલ કેટેગરીમાં શ્રી જય શાહને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.
2. જ્યારે ફિમેલનો આ એવોર્ડ સુશ્રી નીતા અંબાણીને એનાયત કરવામાં આવ્યો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 06 ડિસેમ્બર, (1) નાગરિક સુરક્ષા દિવસ
## (2) મહાપરિનિર્વાણ દિવસ
## (ડો. બાબાસાહેબ આંબેડકર પુણ્યતિથિ)

## NCRBએ 'ક્રાઈમ ઈન ઈન્ડિયા' રિપોર્ટ જાહેર કર્યો

નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB)એ તાજેતરમાં '2022 માટે ભારતમાં અપરાધ' (Crime in India for 2022) શીર્ષકથી તેનો વાર્ષિક અહેવાલ બહાર પાડ્યો છે.

- જેમાં વર્ષ 2022 માટેના ગુનાના આંકડામાં મહત્ત્વપૂર્ણ વલણો જાહેર કરવામાં આવ્યા હતા.

### રિપોર્ટના મુખ્ય મુદ્દાઓ

### ગુનાના એકંદર આંકડા

કુલ 58,00,000થી વધુ કોગ્નિઝેબલ ગુનાઓ નોંધાયા હતા.

- જેમાં ભારતીય દંડ સંહિતા (IPC) તથા વિશેષ અને સ્થાનિક કાયદા (SLL) હેઠળના બંને ગુનાઓનો સમાવેશ થાય છે.
- વર્ષ 2021ની સરખામણીમાં કેસની નોંધણીમાં 4.5%નો ઘટાડો જોવા મળ્યો હતો.

### ગુનાના દરમાં ઘટાડો

પ્રતિ લાખ વસતીમાં અપરાધ દર 2021માં 445.9થી ઘટીને 2022માં 422.2 થયો હતો.

### સૌથી સુરક્ષિત શહેરો

કોલકાતા સતત ત્રીજા વર્ષે ભારતના સૌથી સુરક્ષિત શહેર તરીકે ઉભરી આવ્યું છે.

- જેમાં મેટ્રોપોલિટન શહેરોમાં દર લાખની વસતી દીઠ સૌથી ઓછી સંખ્યામાં કોગ્નિઝેબલ ગુનાઓ નોંધાયા છે.
- ત્યારબાદ પુણે (મહારાષ્ટ્ર) અને હૈદરાબાદ (તેલંગાણા) અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.

### સાયબર ગુનાઓમાં વધારો

સાયબર ક્રાઈમ રિપોર્ટિંગમાં કુલ 65,893 કેસ નોંધાયા છે.

- જે 2021માં 52,974 કેસની સરખામણીમાં 24.4%નો નોંધપાત્ર વધારો થયો છે.
- સાયબર છેતરપિંડીના નોંધાયેલા કેસોમાંથી છેતરપિંડી 64.8%, ગેરવસૂલી 5.5% અને જાતિય શોષણ 5.2% છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આત્મહત્યા અને કારણો

2022માં ભારતમાં આત્મહત્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો.

- જેમાં કુલ 1.7 લાખથી વધુ કેસ 2021ની સરખામણીમાં 4.2%નો ચિંતાજનક વધારો દર્શાવે છે.
- આત્મહત્યાના દરમાં પણ 3.3%નો વધારો થયો છે.
- નોંધનીય છે કે આત્મહત્યાના દરની ગણતરી પ્રતિ લાખ વસતીએ આત્મહત્યાની સંખ્યા તરીકે કરવામાં આવે છે.
- સૌથી વધુ આત્મહત્યાના કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે.
- ત્યારબાદ તમિલનાડુ, મધ્યપ્રદેશ, કર્ણાટક, કેરળ અને તેલંગાણાનો નંબર આવે છે.
- કુલ આત્મહત્યાના કેસોમાં દૈનિક વેતન મેળવનારાઓનો હિસ્સો 26.4% હતો.

## અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સામે વધતા ગુનાઓ

આ રિપોર્ટ અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) વ્યક્તિઓ સામેના ગુનાઓ અને અત્યાચારોમાં એકંદરે વધારો દર્શાવે છે.

- રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને તેલંગાણા જેવા રાજ્યોમાં વર્ષ 2022માં આવા કેસોમાં વધારો જોવા મળ્યો હતો.

## મહિલાઓ સામેના ગુનાઓ

વર્ષ 2022માં મહિલાઓ સામેના ગુનાના કુલ 4,45,256 કેસ નોંધાયા હતા, જે વર્ષ 2021 કરતા 4% વધુ છે.

- મુખ્ય શ્રેણીઓમાં 'પતિ અથવા તેના સંબંધિઓ દ્વારા ક્રૂરતા', 'મહિલાઓનું અપહરણ' અને 'મહિલાઓ પર તેમની ગરિમાને ઠેસ પહોંચાડવાના ઈરાદાથી હુમલા' જેવા કેસોનો સમાવેશ થાય છે.

## બાળકો સામેના ગુના

વર્ષ 2021ની સરખામણીમાં બાળકો સામેના ગુનાઓમાં 8.7%નો વધારો થયો છે.

## વરિષ્ઠ નાગરિકો સામેના ગુના

વર્ષ 2021માં વરિષ્ઠ નાગરિકો સામે અપરાધના 26,110 કેસ હતા, જે 9.3% વધીને 28,545 થયા છે.

- તેમાંના મોટાભાગના કિસ્સાઓ (27.3%) ચોરી સાથે સંબંધિત છે.
- ત્યારબાદ ઈજા (13.8%) તથા બનાવટી, છેતરપિંડી અને કપટ (11.2%) હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAM

## પ્રાણીઓ દ્વારા હુમલામાં વધારો

NCRB અહેવાલમાં પ્રાણીઓના હુમલાના કારણે મૃત્યુ પામેલા અથવા ઘાયલ થયેલા લોકોની સંખ્યામાં ચિંતાજનક વલણ દર્શાવે છે.

- વર્ષ 2021ની સરખામણીમાં વર્ષ 2022માં આવી ઘટનાઓમાં 19%નો વધારો નોંધાયો હતો.
- મહારાષ્ટ્રમાં સૌથી વધુ કેસ નોંધાયા છે, ત્યારબાદ ઉત્તરપ્રદેશ, ઓડિશા, તમિલનાડુ, છત્તીસગઢ અને મધ્યપ્રદેશ અલગ–અલગ સંખ્યામાં છે.
- આ ઉપરાંત સરિસૃપ અને જંતુ કરડવાના કેસોમાં પણ 16.7%નો વધારો થયો છે.
- સરિસૃપ અને જંતુ કરડવાના સૌથી વધુ કેસ રાજસ્થાનમાં નોંધાયા હતા.

## વિદેશીઓ સામે ગુનાઓ

આ અહેવાલ અનુસાર વિદેશીઓ સામે 192 કેસ નોંધાયા હતા.

- જે 2021માં 150 કેસ કરતા 28% વધુ છે.

## ઉચ્ચત્તમ ચાર્જશીટ દર

IPC ગુનાઓ હેઠળ સૌથી વધુ ચાર્જશીટ દર ધરાવતા રાજ્યો કેરળ, પુડુચેરી અને પશ્ચિમ બંગાળ છે.

## NCRB વિશે

NCRBનું પૂરું નામ 'નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો' છે.

- NCRBની સ્થાપના વર્ષ 1986માં ગૃહમંત્રાલય હેઠળ ગુનાઓ અને ગુનેગારો પરની માહિતીના ભંડાર તરીકે કાર્ય કરવા માટે કરવામાં આવી હતી. જેથી કરીને તપાસકર્તાઓને ગુનેગારો સાથે જોડવામાં મદદ મળી શકે.
- તેની સ્થાપના રાષ્ટ્રીય પોલીસ કમિશન (1977-1981) અને MHAની ટાસ્ક ફોર્સ (1985)ની ભલામણોને આધારે કરવામાં આવી હતી.
- NCRBને 'ઓનલાઈન સાયબર–ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ'ના ટેક્નિકલ અને ઓપરેશનલ કાર્યોનું સંચાલન કરવા માટે સેન્ટ્રલ નોડલ એજન્સી તરીકે પણ નિયુક્ત કરવામાં આવી છે, જેના દ્વારા કોઈપણ નાગરિક બાળ પોર્નોગ્રાફી, બળાત્કાર વગેરે સંબંધિત ગુનાના પુરાવા તરીકે ફરિયાદ નોંધાવી શકે છે અથવા વીડિયો ક્લિપ અપલોડ કરી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ઈન્ટર–ઓપરેબલ ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ (ICJS)ના અમલીકરણની પણ જવાબદારી NCRBને સોંપવામાં આવી છે.
- તેનું વડું મથક નવી દિલ્હીમાં આવેલું છે.

## ચક્રવાત 'મિધિલી' અને ચક્રવાત 'મિચૌંગ'

તાજેતરમાં બંગાળની ખાડીમાં ચક્રવાત 'મિધિલી' અને ચક્રવાત 'મિચૌંગ' ઉદ્‌ભવ્યું હતું.

- ચક્રવાત 'મિધિલી'ના લીધે ઓડિશા, પશ્ચિમ બંગાળ, ત્રિપુરા અને મિઝોરમના દરિયાકાંઠાના વિસ્તારને અસર થઈ હતી.
- જ્યારે ચક્રવાત મિચૌંગ આંધ્રપ્રદેશના બાપટલા પાસે લેન્ડફોલ થયું હતું.
- ચક્રવાત મિચૌંગના કારણે આંધ્રપ્રદેશ અને તમિલનાડુમાં ઘણું નુકસાન થયું હતું.

### મિધિલી ચક્રવાતનું નામકરણ

મિધિલી ચક્રવાતનું નામ માલદીવ્સ દ્વારા આપવામાં આવ્યું હતું.

### મિચૌંગ ચક્રવાતનું નામકરણ

મિચૌંગ ચક્રવાતનું નામ મ્યાનમાર દ્વારા આપવામાં આવ્યું હતું.

### વર્ગીકરણ

- ભારતીય હવામાન વિભાગ (IMD) ચક્રવાતને તેમની મહત્તમ સ્થિર પવનની ગતિ (Maximum Sustained Surface wind Speed-MSW)ના આધારે વર્ગીકૃત કરે છે.
- હવાની ગતિના આધારે IMD અનુસાર ચક્રવાતનું વર્ગીકરણ આ પ્રમાણે કરવામાં આવે છે :

| ક્રમ | કેટેગરી | હવાની એવરેજ ઝડપ (કિમી/કલાકમાં) |
|---|---|---|
| 1 | લો પ્રેશર | 31 થી ઓછી |
| 2 | ડિપ્રેશન | 31 થી 49 |
| 3 | ડીપ ડિપ્રેશન | 50 થી 61 |
| 4 | ચક્રવાતી તોફાન | 62 થી 88 |
| 5 | ગંભીર ચક્રવાતી તોફાન | 89 થી 117 |
| 6 | ખૂબ ગંભીર ચક્રવાતી તોફાન | 118 થી 167 |
| 7 | અત્યંત ગંભીર ચક્રવાતી તોફાન | 168 થી 221 |
| 8 | સુપર ચક્રવાતી તોફાન | 222 થી વધુ |

## ચક્રવાતનું નામકરણ કઈ રીતે થાય છે ?

ચક્રવાતની ભવિષ્યવાણી, ચેતવણી અને પૂર્વાનુંમાનમાં વિવિધ સરકારી એજન્સી અને સામાન્ય લોકો વચ્ચે કોમ્યુનિકેશનમાં સરળતા રહે એ માટે ચક્રવાતનું નામકરણ કરવામાં આવે છે.

- ઉષ્ણકટિબંધીય ચક્રવાતોને આ માટે વિવિધ ચેતવણી કેન્દ્રો દ્વારા નામ આપવામાં આવે છે.
- આ નામ આપવા માટે અગાઉથી જ એક લિસ્ટ બનાવવામાં આવ્યું હોય છે. અને આ લિસ્ટ પ્રમાણે જ તે ચક્રવાતને ક્રમશઃ નામ આપવામાં આવે છે.

## ઉત્તર હિંદ મહાસાગરમાં ચક્રવાતના નામ

**$45^0$ પૂ. થી $100^0$ પૂ.** વચ્ચેના ઉત્તર હિંદ મહાસાગરના ઉષ્ણકટિબંધીય ચક્રવાતના નામ ભારત મૌસમ વિભાગ (**India Meteorologycal Department (IMD)/ RSMC**, નવી દિલ્હી દ્વારા)આપવામાં આવે છે.

- આ માટે બાંગ્લાદેશ, ભારત, માલદીવ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા, થાઈલેન્ડ, ઈરાન, કતાર, સાઉદી અરેબિયા, યમન અને યુ.એ.ઈ દ્વારા સૂચિત નામોનું એક લિસ્ટ બનાવવામાં આવે છે.
- આ લિસ્ટમાંથી ઉત્તર હિંદ મહાસાગરમાં ઉદ્ભવતા ચક્રવાતને ક્રમશ : નામ આપવામાં આવે છે.
- તાજેતરમાં ઉદ્ભવેલ ચક્રવાત મિધિલીનું નામ માલદિવ્સ દ્વારા સુચિત કરવામાં આવ્યું હતું. અને ચક્રવાત મિચૌંગનું નામ મ્યાનમાર દ્વારા સૂચિત કરવામાં આવ્યું હતું.

| WMO/ESCAP Panel Member countries | Column 1 | | Column 2 | | Column 3 | | Column 4 | |
|---|---|---|---|---|---|---|---|---|
| | Name | Pron' | Name | Pron' | Name | Pron' | Name | Pron' |
| Bangladesh | Nisarga | Nisarga | Biparjoy | Biporjoy | Arnab | Ornab | Upakul | Upokul |
| India | Gati | Gati | Tej | Tej | Murasu | Murasu | Aag | Aag |
| Iran | Nivar | Nivar | Hamoon | Hamoon | Akvan | Akvan | Sepand | Sepand |
| Maldives | Burevi | Burevi | Midhili | Midhili | Kaani | Kaani | Odi | Odi |
| Myanmar | Tauktae | Tau'Te | Michaung | Migjaum | Ngamann | Ngaman | Kyarthit | Kjathi |
| Oman | Yaas | Yass | Remal | Re-Mal | Sail | Sail | Naseem | Naseem |
| Pakistan | Gulab | Gul-Aab | Asna | As-Na | Sahab | Sa-Hab | Afshan | Af-Shan |
| Qatar | Shaheen | Shaheen | Dana | Dana | Lulu | Lulu | Mouj | Mouj |
| Saudi Arabia | Jawad | Jowad | Fengal | Feinjal | Ghazeer | Razeer | Asif | Aasif |
| Sri Lanka | Asani | Asani | Shakhti | Shakhti | Gigum | Gigum | Gagana | Gagana |
| Thailand | Sitrang | Si-Trang | Montha | Mon-Tha | Thianyot | Thian-Yot | Bulan | Bu-Lan |
| United Arab Emirates | Mandous | Man-Dous | Senyar | Sen-Yaar | Afoor | Aa-Foor | Nahhaam | Nah-Haam |
| Yemen | Mocha | Mokha | Ditwah | Ditwah | Diksam | Diksam | Sira | Sira |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'નાગરિક સુરક્ષા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 3 ડિસેમ્બર (B) 4 ડિસેમ્બર (C) 5 ડિસેમ્બર (D) 6 ડિસેમ્બર **(D)**

2. ભારતમાં કયા મહાન વ્યક્તિની પૂણ્યતિથિ 6 ડિસેમ્બરને 'મહાપરિનિર્વાણ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે ?

(A) ડો. બાબાસાહેબ આંબેડકર (B) ડો. રાજેન્દ્ર પ્રસાદ

(C) શ્રી મૌલાના અબુલ કલામ આઝાદ (D) શ્રી લાલ બહાદુર શાસ્ત્રી **(A)**

3. તાજેતરમાં NCRBએ 'Crime in India for, 2022' શીર્ષકથી તેનો વાર્ષિક અહેવાલ બહાર પાડ્યો હતો. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રિપોર્ટ અનુસાર ભારતમાં વર્ષ 2022માં 58,00,000 થી વધુ કોગ્નિઝેબલ ગુનાઓ નોંધાયા હતા.
2. રિપોર્ટમાં જણાવ્યા અનુસાર કોલકાતા સતત ત્રીજા વર્ષે ભારતના સૌથી સુરક્ષિત શહેર તરીકે ઉભરી આવ્યું છે.
3. આ રિપોર્ટ અનુસાર સાયબર ક્રાઈમ રિપોર્ટિંગમાં કુલ 65,893 કેસ નોંધાયા હતા.
4. આ રિપોર્ટ અનુસાર સૌથી વધુ આત્મહત્યાના કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા હતા.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 1 અને 4 (D) 1, 2, 3 અને 4 **(D)**

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ NCRB સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું પૂરું નામ 'નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો' છે.
2. NCRBની સ્થાપના વર્ષ 1986માં ગૃહમંત્રાલય હેઠળ ગુનાઓ અને ગુનેગારો પરની માહિતી ભંડાર તરીકે કાર્ય કરવા માટે કરવામાં આવી હતી.
3. તેનું વડું મથક નવી દિલ્હી ખાતે સ્થિત છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

5. તાજેતરમાં બંગાળની ખાડીમાં ચક્રવાત 'મિધિલી' ઉદ્ભવ્યું હતું. આ ચક્રવાતનું નામ કોણે આપ્યું છે ?

(A) ઈરાન (B) મ્યાનમાર (C) માલદીવ્સ (D) થાઈલેન્ડ **(C)**

6. તાજેતરમાં બંગાળની ખાડીમાં ચક્રવાત 'મિચૌંગ' ઉદ્ભવ્યું હતું. આ ચક્રવાતનું નામ કયા દેશ દ્વારા આપવામાં આવ્યું છે ?

(A) મ્યાનમાર (B) શ્રીલંકા (C) પાકિસ્તાન (D) ઓમાન **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 07 ડિસેમ્બર, (1) સશસ્ત્ર સેના ધ્વજ દિન
## (2) આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ

## ગુજરાતના ગરબાનો યુનેસ્કોની 'અમૂર્ત સાંસ્કૃતિક વિરાસત સૂચિ'માં સમાવેશ

તાજેતરમાં ગુજરાતના ગરબાને યુનેસ્કોની 'અમૂર્ત સાંસ્કૃતિક વિરાસત સૂચિ' (Intangible Heritage List-ICH)ની પ્રતિનિધિ યાદીમાં સમાવેશ કરવાનો નિર્ણય કર્યો છે.

- 5 થી 9 ડિસેમ્બર, 2023 દરમિયાન કસાને, બોત્સ્વાનામાં આયોજિત અમૂર્ત સાંસ્કૃતિક વારસાની સુરક્ષા માટેની આંતર–સરકારી સમિતિની 18મી બેઠક દરમિયાન આ માન્યતાને ઔપચારિક સ્વરૂપ આપવામાં આવ્યું હતું.
- ગરબા યુનેસ્કોની આ યાદીમાં સ્થાન મેળવનાર ભારતનો 15મો સાંસ્કૃતિક વારસો છે.
- વર્ષ 2021માં કોલકાતાની દુર્ગા પુજાને તેમાં સામેલ કરવામાં આવી હતી.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ગરબા

ગરબો સ્ત્રી પ્રધાન નૃત્ય છે.

- ગરબો શબ્દ ગર્ભદીપ પરથી બનેલો છે.
- આ નૃત્યમાં કાણાવાળી માટલીમાં દીવો મૂકીને માતાજીના સ્થાનકની આસપાસ ગોળ–ગોળ ઘૂમવામાં આવે છે.
- ભટ્ટ વલ્લભ મેવાડા તેમના શક્તિ–ભક્તિના ગરબાથી સુવિખ્યાત છે.
- વલ્લભ મેવાડાને 'ગરબાના પિતા' કહેવામાં આવે છે.
- વલ્લભ મેવાડાએ 'શણગારનો ગરબો', 'કજોડાનો ગરબો' અને 'આંનદનો ગરબો' આપેલ છે.

**નોંધ :** (1) ગરબો એ સ્ત્રી પ્રધાન નૃત્ય છે જ્યારે ગરબી એ પુરુષ પ્રધાન નૃત્ય છે.
(2) ગરબીના પિતા તરીકે 'દયારામ' ઓળખાય છે. દયારામે કૃષ્ણભક્તિના આધારે ગરબી રચી હતી.




## યુનેસ્કો અમૂર્ત સાંસ્કૃતિક વિરાસત (ICH)

આ પ્રતિષ્ઠિત યાદી <u>અમૂર્ત હેરિટેજ તત્ત્વોથી</u> બનેલી છે. જે સાંસ્કૃતિક વારસાની વિવિધતાને પ્રદર્શિત કરવામાં તેના મહત્ત્વ વિશે જાગૃતિ વધારવામાં મદદ કરે છે.

- યુનેસ્કો અનુસાર સાંસ્કૃતિક વારસો સ્મારકો અને વસ્તુના સંગ્રહ પર સમાપ્ત થતો નથી.
- તેમાં આપણા પૂર્વજો પાસેથી વારસામાં મળેલી પરંપરાઓ અથવા જીવંત અભિવ્યક્તિઓનો પણ સમાવેશ થાય છે.
- ભારતમાં યુનેસ્કો દ્વારા ICH તરીકે માન્યતા પ્રાપ્ત 15 પરંપરા છે જે નીચે મુજબ છે :

| વિરાસત | વર્ષ | વિશેષતા |
|---|---|---|
| કોડિયટ્ટમ | 2008 | કોડિયટ્ટમ કેરળની ચક્યાર તેમજ નાંબિયાર જાતિ દ્વારા કરવામાં આવતું નાટ્ય સ્વરૂપ છે.<br>કોડિયટ્ટમ 6 થી 20 દિવસ સુધી ભજવવામાં આવે છે.<br>કોડિયટ્ટમનો મુખ્ય વિષય પૌરાણિક કથાઓ હોય છે.<br>આ નાટ્યમાં મિઝાવું નામના સંગીત વાદ્યનો ઉપયોગ થાય છે.  |
| રામલીલા | 2008 | રામલીલા ઉત્તરપ્રદેશની પ્રખ્યાત નાટ્યકલા છે.<br>દશેરાના સમયમાં રામલીલાનું પ્રદર્શન કરવામાં આવે છે.<br>રામલીલામાં તમામ અભિનેતા પુરુષ હોય છે.  |
| વૈદિક મંત્રોચ્ચારની વિધિ | 2008 | પ્રાચીન સમયથી જ વેદોના મંત્રનો જાપ અનેક રીતે કરવામાં આવે છે.<br>વૈદિક મંત્રોચ્ચારની પરંપરાને અતિપ્રાચીન પરંપરા માનવામાં આવે છે.  |
| રમ્મન | 2009 | રમ્મન ઉત્તરાખંડના ગઢવાલ ક્ષેત્રની પ્રખ્યાત નાટ્યકલા છે.<br>રમ્મનમાં ગ્રામના દેવતાને ભોગ ચઢાવવામાં આવે છે.<br>રમ્મનમાં ગાયન, વાદન દ્વારા સંગીતની પ્રસ્તુતિ કરવામાં આવે છે. |
| મુડિયેટ્ટુ | 2010 | મુડિયેટ્ટુ કેરળ રાજ્યની પ્રખ્યાત નાટ્યકલા છે.<br>મુડિયેટ્ટુ સામાન્ય રીતે ફેબ્રુઆરી અને મે માસ દરમિયાન ભજવવામાં આવે છે.<br>મુડિયેટ્ટુનો ઉપયોગ સામાન્ય રીતે સામાજિક સદ્ભાવ કેળવવા માટે કરવામાં આવે છે.  |
| કાલબેલિયા | 2010 | કાલબેલિયા રાજસ્થાન રાજ્યની પ્રખ્યાત નૃત્યકલા છે.<br>કાલબેલિયા નૃત્ય રાજસ્થાનની કાલબેલિયા જનજાતિ દ્વારા કરવામાં આવે છે.<br>કાલબેલિયા નૃત્યમાં પહેરવેશ સાપ જેવો હોય છે.  |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| વિરાસત | વર્ષ | વિશેષતા |
|---|---|---|
| છઉ | 2010 | છઉ નૃત્ય ઝારખંડ, ઓડિશા અને પશ્ચિમ બંગાળની પ્રસિદ્ધ નૃત્યકલા છે. છઉ નૃત્યને રાજ્ય પ્રમાણે અલગ નામ આપવામાં આવ્યા છે. જેમ કે ઝારખંડમાં સરાય કેલા છઉ, ઓડિશામાં મયૂરભંજ છઉ તેમજ પશ્ચિમ બંગાળમાં પુરુલિયા છઉ તરીકે ઓળખાય છે.<br>છઉ નૃત્યમાં મોઢા પર માસ્ક ધારણ કરવામાં આવે છે.  |
| લદ્દાખ બૌધ મઠ | 2012 | 2012માં યુનેસ્કોએ તેની સૂચિમાં લદ્દાખના ટ્રાન્સ હિમાલય વિસ્તારના પવિત્ર બૌદ્ધ મંત્રોચ્ચારનુ સૂચિબદ્ધ કર્યા હતા.  |
| સંકીર્તન | 2013 | સંકીર્તન મણિપુર રાજ્યની પ્રખ્યાત નૃત્યકલા છે.<br>સંકીર્તન વૈષ્ણવ ધર્મની પરંપરાગત ધાર્મિક વિધિને પ્રદર્શિત કરે છે.<br>સંકીર્તનમાં ભગવાન કૃષ્ણની લીલાને પ્રદર્શિત કરવામાં આવે છે.  |
| પંજાબની પરંપરાગત તાંબા અને પિત્તળના વાસણની શિલ્પકલા | 2014 | પંજાબી પરંપરાગત તાંબા પિત્તળની શિલ્પકલાને ઠઠેરા પરિવાર દ્વારા આગળ વધારવામાં આવે છે.<br>આ ધાતુના વાસણનો ઉપયોગ ધાર્મિક વિધિમાં કરવામાં આવે છે.<br>આ પરંપરાને 19મી સદી દરમિયાન રાજા રણજિતસિંહ દ્વારા સંરક્ષણ આપવામાં આવ્યું હતું.  |
| નવરોઝ | 2016 | નવરોજ પારસીઓના નવા વર્ષના રૂપમાં મનાવવામાં આવે છે.  |
| યોગ | 2016 | યોગ શબ્દમાં ધ્યાન, શ્વાસોશ્વાસ, શબ્દ જાપનો સમાવેશ થાય છે.  |
| કુંભ મેળો | 2019 | વિશ્વના સૌથી મોટા આધ્યાત્મિક મેળા તરીકે પ્રસિદ્ધ કુંભમેળો પ્રયાગરાજ(અલાહાબાદ) ખાતે ભરાય છે.<br>પ્રયાગરાજ ખાતે ગંગા, યમુના અને સરસ્વતી એમ ત્રણ નદીનો સંગમ થાય છે.<br>કુંભના મેળામાં શાહી સ્નાનનું વિશેષ મહત્ત્વ છે.<br>કુંભના મેળાનું આયોજન દર 12 વર્ષે થાય છે.  |
| દૂર્ગાપૂજા (કોલકાતા) | 2021 | હિન્દુ ધર્મમાં દુર્ગામાતા આદ્યશક્તિ તરીકે ઓળખાય છે.<br>દુર્ગા પૂજા દશેરાના તહેવાર સાથે સમાનતા રાખે છે.<br>નવરાત્રીના સમયે દુર્ગામાતાના 9 સ્વરૂપોની પૂજા–અર્ચના કરવામાં આવે છે.  |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| વિરાસત | વર્ષ | વિશેષતા | |
|---|---|---|---|
| ગરબા | 2023 | ગરબા ગુજરાતનું પ્રસિદ્ધ નૃત્ય છે.<br>તે સ્ત્રી પ્રધાન નૃત્ય છે.<br>ગરબો શબ્દ ગર્ભદીપ પરથી બનેલો છે. |  |

## ગૂગલે પ્રોજેક્ટ જેમિનીનું અનાવરણ કર્યુ

**Googleએ** તાજેતરમાં તેની નવીનતમ **આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)** સિસ્ટમ લોન્ચ કરી છે, જેનું નામ **Gemini** છે.

- જેમિની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) મોડલ માનવ જેવું વર્તન દર્શાવવા માટે રચાયેલ છે.
- આ વિકાસ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) તરફ ચાલી રહેલી દોડને વેગ આપશે.
- અને ટેક્નોલોજીના સંભવિત લાભો અને જોખમો પર ચર્ચામાં વધારો કરશે તેવી શક્યતા છે.
- જેમિનીનો હેતુ Googleના AI સંચાલિત ચેટબોટ બોર્ડના કાર્યોની સરળતા અને કાર્યક્ષમતા વધારવાનો છે, ખાસ કરીને જેમાં આયોજન સામેલ છે.
- **Google Deepmind**, **AI ડિવિઝન** જે જેમિનીનું સંચાલન કરે છે, તે ગણિત અને ભૌતિકશાસ્ત્રમાં આ મોડેલની સમસ્યા–નિરાકરણ કુશળતા પર ભાર મૂકે છે, તે સંભવિત વૈજ્ઞાનિક સફળતાઓનું નિદર્શન કરે છે.
- જોકે AIના કારણે નોકરીના વિસ્થાપન અને ખોટી માહિતીના ફેલાવાની ચિંતા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



1. ભારતમાં 'સશસ્ત્ર સેના ધ્વજ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 5 ડિસેમ્બર (B) 6 ડિસેમ્બર (C) 7 ડિસેમ્બર (D) 8 ડિસેમ્બર **(C)**

2. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 5 ડિસેમ્બર (B) 6 ડિસેમ્બર (C) 7 ડિસેમ્બર (D) 8 ડિસેમ્બર **(C)**

3. તાજેતરમાં નીચેના પૈકી કોનો યુનેસ્કોની 'અમૂર્ત સાંસ્કૃતિક વિરાસત' (Intangible Heritage List - ICH)ની પ્રતિનિધિ યાદીમાં સમાવેશ કરવાનો નિર્ણય કર્યો છે.

(A) ગુજરાતના ગરબાનો (B) રાજસ્થાનના ઘુમ્મરનો

(C) તેલંગાણાના બથ્થુકમ્માનો (D) ઓડિશાના ઘુમુરાનો **(A)**

4. નીચેના પૈકી કોનો યુનેસ્કોની 'અમૂર્ત સાંસ્કૃતિક વિરાસત'માં સમાવેશ થતો નથી ?


(A) કરકટ્ટમ (B) દુર્ગાપૂજા (C) યોગ (D) સંકીર્તન **(A)**


5. તાજેતરમાં સમાચારમાં રહેલ 'Gemini' શું છે ?

(A) બ્રિટનની સંસદમાં રજૂ થયેલ રોબર્ટ (B) જાપાનનો ન્યુક્લિયર પાવર પ્લાન્ટ

(C) ગૂગલની AI સિસ્ટમ (D) સાઉથ કોરિયાએ લોન્ચ કરેલ સબમરીન **(C)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS



## દિવસ મહિમા : 08 ડિસેમ્બર, સબમરીન દિવસ



ભારતીય નૌસેના દ્વારા દર વર્ષે 8 ડિસેમ્બરના રોજ 'સબમરીન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતીય નૌસેનાની પ્રથમ સબમરીન 'INS કલવરી'ને 8 ડિસેમ્બર, 1967ના રોજ ભારતની નૌસેનામાં સામેલ કરવામાં આવી હતી.
- આથી, આ દિવસની યાદમાં ભારતીય નૌસેના દ્વારા દર વર્ષે 8 ડિસેમ્બરના આ દિવસ ઉજવાય છે.

## CID ફેમ એક્ટર શ્રી દિનેશ ફડનીસનું નિધન



સોની ટીવી ચેનલનો શો CIDમાં ફ્રેડરિક્સની ભૂમિકા ભજવનારા ટેલિવિઝન અભિનેતા શ્રી દિનેશ ફડનીસનું 57 વર્ષની વયે નિધન થયું છે.

- શ્રી દિનેશ ફડનીસનો જન્મ 2 નવેમ્બર, 1966ના રોજ બિહારમાં થયો હતો.
- તેમણે તેમની અભિનય કારકિર્દી 1990ના દાયકામાં શરૂ કરી હતી.
- તેણે પોલીસ અધિકારી ઈન્સ્પેક્ટર ફ્રેડરિક્સ અથવા ફ્રેડીના પાત્ર માટે CID શો માટે ઓડિશન આપ્યું હતું.
- આ શોની શરૂઆત 1998માં થઈ હતી અને તેમાં તેમનું પાત્ર ખૂબ જ પ્રસિદ્ધ બન્યું હતું.
- તેઓ તારક મહેતા કા ઉલ્ટા ચશ્માામાં કેમિયો રોલમાં જોવા મળ્યા હતા. આ સિવાય તેઓ આમિરખાન સાથે સરફરોશ અને રિતિક રોશન સાથે સુપર 30માં પણ જોવા મળ્યા હતા.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહારાષ્ટ્રના રાજકોટ કિલ્લામાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાનું અનાવરણ કર્યુ

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહારાષ્ટ્રના સિંધુદુર્ગ જિલ્લામાં રાજકોટ કિલ્લા ખાતે છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું.



- આ ઐતિહાસિક ક્ષણ ભારતના સમૃદ્ધ દરિયાઈ વારસાને સાચવવા અને તેની ઉજવણી કરવાના મહત્ત્વ પર ભાર મૂકે છે.
- છત્રપતિ શિવાજી મહારાજ દરિયાકાંઠા અને દરિયાઈ કિલ્લાઓ બાંધવામાં તેમની વ્યૂહાત્મક પરાક્રમ માટે પ્રખ્યાત હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ અનાવરણ સમારોહમાં ભારતના દરિયાઈ ઈતિહાસમાં તેમના નોંધપાત્ર યોગદાનને પ્રકાશિત કરવામાં આવ્યું હતું, જેમાં આઈકોનિક સિંધુદુર્ગ કિલ્લા પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું.

## 91મી ઈન્ટરપોલ જનરલ એસેમ્બલી

તાજેતરમાં CBI અને NIAની આગેવાની હેઠળના ભારતીય પ્રતિનિધિ મંડળે ઓસ્ટ્રિયાના વિયેનામાં 91મી ઈન્ટરપોલ જનરલ એસેમ્બલીમાં હાજરી આપી હતી.

- જેમાં ભારતીય પ્રતિનિધિ મંડળે અપરાધ, ગુનેગારો અને અપરાધની કાર્યવાહીને સુરક્ષિત આશ્રયસ્થાનો નકારવા વિનંતી કરી હતી.
- 91મી ઈન્ટરપોલ જનરલ એસેમ્બલી દરમિયાન નાણાકીય ગુના અને ભ્રષ્ટાચારને વિક્ષેપિત કરવા, ઓનલાઈન બાળ જાતીય શોષણ સામે લડવા અને ઈન્ટરપોલની અંદર જ વિવિધતાને પ્રોત્સાહન આપવા માટે સહયોગી પ્રતિભાવને મજબૂત કરવા ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.
- આ પ્રતિનિધિ મંડળે સંગઠિત અપરાધ, આંતકવાદ, ડ્રગ હેરફેર, મની લોન્ડરિંગ, ઓનલાઈન કટ્ટરપંથી અને સાયબર–સક્ષમ નાણાકીય ગુનાઓ સામે લડવા માટે સંકલિત વ્યૂહરચનાઓ પર વિવિધ દેશોની કાયદા અમલીકરણ એજન્સીઓ સાથે ચર્ચા કરી હતી.
- આ ઉપરાંત તેઓએ આ ગુનાઓને રીઅલ–ટાઈમ નિવારણ માટે પણ હિમાયત કરી હતી.
- પ્રતિનિધિમંડળે ઈન્ટરપોલના વિઝન 2030ને અપનાવવા અને ઈન્ટરપોલ ફ્યુચર કાઉન્સિલની સ્થાપનાને સમર્થન આપ્યું હતું.

### ઈન્ટરપોલ

ઈન્ટરપોલનું પૂરું નામ 'International Criminal Police Organization' છે.

- તેની સ્થાપના વર્ષ 1923માં વિવિધ પોલીસ દળો પાસેથી પ્રાપ્ત માહિતીના સંગ્રહ અને પ્રસાર દ્વારા વિશ્વભરના પોલીસ દળોની ગુનાહિત તપાસને સરળ બનાવવા માટે એક સુરક્ષિત માહિતી–આદાન–પ્રદાન પ્લેટફોર્મ તરીકે કરવામાં આવી હતી.
- તે સૌથી જૂની આંતરરાષ્ટ્રીય પોલીસ સંસ્થા છે.
- આ સંગઠનની સ્થાપનાનો પ્રસ્તાવ 1914માં પ્રથમ ઈન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ કોંગ્રેસ દરમિયાન કરવામાં આવ્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારત <u>1949માં</u> આ સંગઠનમાં જોડાયુ હતું.
- તેનું મુખ્યમથક <u>ફ્રાન્સના લ્યોનમાં</u> આવેલું છે.
- તે વિવિધ વિસ્તારોમાં ગુનેગારો અને પોલીસ રડાર હેઠળના લોકોની ગતિવિધિઓ પર નજર રાખે છે અને પોલીસ દળોને સૂચનો આપે છે કે જેમણે કાં તો ઈન્ટરપોલની મદદ માંગી હતી અથવા તેના મતે તેની પાસે ઉપલબ્ધ વિગતોનો લાભ મેળવશે.
- તે ફોજદારી પોલીસ દળો વચ્ચે શક્ય તેટલી વ્યાપક પરસ્પર સહાયતાને પ્રોત્સાહન આપવાનો હેતુ ધરાવે છે.

## ઈન્ટરપોલનું માળખુ

ઈન્ટરપોલનું નેતૃત્વ અધ્યક્ષ કરે છે, જે સામાન્ય સભા દ્વારા ચૂંટાય છે.

- તેઓ સભ્ય દેશોમાંથી છે અને <u>ચાર વર્ષ</u> સુધી પદ સંભાળે છે.
- સામાન્ય સભા દ્વારા ચૂંટાયેલા પૂર્ણ–સમયના સેક્રેટરી જનરલ દ્વારા દૈનિક પ્રવૃત્તિઓની દેખરેખ રાખવામાં આવે છે, જેઓ પાંચ વર્ષ માટે હોદ્દો ધરાવે છે.
- જનરલ એસેમ્બલી તેના સચિવાલય દ્વારા અમલ માટે નીતિ નક્કી કરે છે જેમાં સાયબરક્રાઈમ, આતંકવાદ, ડ્રગ હેરફેર, નાણાકીય ગુના, પર્યાવરણીય અપરાધ, માનવ તસ્કરી વગેરે માટે ઘણા વિશેષ નિર્દેશાલયો છે.
- દરેક સભ્ય દેશ તે દેશમાં ઈન્ટરપોલનું પ્રતિનિધિત્વ કરે છે.
- દેશની કાયદા અમલીકરણ એજન્સીનો ઈન્ટરપોલ સાથેનો તમામ સંપર્ક દેશની સર્વોચ્ચ તપાસ સંસ્થા દ્વારા થાય છે.
- <u>સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)</u> ભારતમાં આ ભૂમિકાને તેના એક વરિષ્ઠ અધિકારી સાથે સંભાળે છે, જે વિશ્વ સંસ્થા સાથે માહિતી અને સંપર્ક સંકલન માટે તેના વિશેષ ઈન્ટરવિંગનું નેતૃત્વ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS






**1.** ભારતીય નૌસેના દ્વારા દર વર્ષે કયા દિવસના રોજ 'સબમરીન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 6 ડિસેમ્બર (B) 7 ડિસેમ્બર (C) 8 ડિસેમ્બર (D) 9 ડિસેમ્બર — **(C)**

**2.** તાજેતરમાં શ્રી દિનેશ ફડનીસનું નિધન થયું છે. તેઓ નીચેના પૈકી કયા ટીવી શો સાથે સંકળાયેલ હતા ?

(A) CID (B) બિગબોસ (C) ધ કપિલ શર્મા શો (D) અદાલત — **(A)**

**3.** તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાજકોટ કિલ્લામાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ કિલ્લો કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) મધ્યપ્રદેશ (D) ગોવા — **(B)**

**4.** તાજેતરમાં ઈન્ટરપોલની 91મી જનરલ એસેમ્બલીની બેઠક ક્યાં યોજાઈ હતી ?

(A) વિયેના (B) કાઠમંડુ (C) ટોક્યો (D) ન્યુયોર્ક — **(A)**

**5.** તાજેતરમાં ઈન્ટરપોલની 91મી જનરલ એસેમ્બલીની બેઠક ઓસ્ટ્રિયાના વિયેના ખાતે યોજાઈ હતી. આ ઈન્ટરપોલ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું પૂરું નામ 'ઈન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ ઓર્ગેનાઈઝેશન' છે.
2. તેની સ્થાપના વર્ષ 1923માં કરવામાં આવી હતી.
3. તેની સ્થાપના 1917માં થયેલ 'મોસ્કો ઘોષણા' આધારિત છે.
4. તેનું મુખ્યમથક અમેરિકાના વોશિંગ્ટન ડિસી ખાતે આવેલ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 2 અને 3 — **(C)**

**6.** 'ઈન્ટરપોલ'નું વડું મથક કયાં આવેલું છે ?

(A) ન્યુયોર્ક, અમેરિકા (B) ટોક્યો, જાપાન

(C) સીડની, ઓસ્ટ્રેલિયા (D) લ્યોન, ફ્રાન્સ — **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 09 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિન (International Anti-Corruption Day)



9 ડિસેમ્બરના રોજ સમગ્ર વિશ્વમાં દર વર્ષે 'આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિન'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ભ્રષ્ટાચાર સામે જાગૃતિ ફેલાવવાનો છે.
- વર્ષ 2023 એ યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન અગેઈન્સ્ટ કરપ્શન (UNCAC)ની 21મી વર્ષગાંઠ છે.
- 2022ના આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસની થીમ UNCAC at 20 : Uniting the World Against Corruption છે.
- આ વર્ષની થીમ ભ્રષ્ટાચાર સામે લડવા માટે ચાલી રહેલા વૈશ્વિક પ્રયાસો પર ભાર મૂકે છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ઠરાવ પસાર કર્યા પછી 31 ઓક્ટોબર, 2003ના રોજ આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસની સ્થાપના કરવામાં આવી હતી.

## જમ્મુ અને કાશ્મીર આરક્ષણ બિલ તથા જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન (સુધારા) બિલ, 2023

તાજેતરમાં લોકસભાએ જમ્મુ અને કાશ્મીર આરક્ષણ બિલ તથા જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન (સુધારા) બિલ, 2023 પસાર કર્યુ છે.

- આ બિલ એવા લોકોના પ્રતિનિધિત્વ સાથે સંબંધિત છે જેઓ તેમના પોતાના દેશમાં શરણાર્થી તરીકે અસ્તિત્વ ધરાવે છે.
- ઉપરાંત આ બિલ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર(POK)માંથી વિસ્થાપિત લોકો માટે જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં બેઠક અનામત રાખે છે.
- અનુચ્છેદ-370 નાબૂદ કરતા પહેલા જમ્મુ અને કાશ્મીરમાં લોકસભા અને વિધાનસભા સીટોના સીમાંકન અંગે અલગ–અલગ નિયમો હતા.
- અનુચ્છેદ-370 નાબૂદ કર્યા પછી અને આ પ્રદેશને કેન્દ્રશાસિત પ્રદેશમાં રૂપાંતરિત કર્યા બાદ માર્ચ 2020માં સીમાંકન આયોગની રચના કરવામાં આવી હતી.

- આ કમિશનનું કામ માત્ર જમ્મુ અને કાશ્મીરની સીટો જ નહીં પરંતુ આસામ, મણિપુર, અરૂણાચલ પ્રદેશ અને નાગાલેન્ડની સીટોનું પણ સીમાંકન કરવાનું હતું અને આ કામ પૂર્ણ કરવા માટે એક વર્ષની સમયમર્યાદા નક્કી કરવામાં આવી હતી.
- તાજેતરમાં આ કમિશન દ્વારા સીમાંકન પ્રક્રિયા પૂર્ણ થવાના પરિણામે જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભા બેઠકોની સંખ્યા 107થી વધીને 114 થઈ ગઈ છે.

## જમ્મુ અને કાશ્મીર આરક્ષણ (સુધારા) બિલ, 2023

જમ્મુ અને કાશ્મીર આરક્ષણ (સુધારા) બિલ, 2023 26 જુલાઈ, 2023ના રોજ લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું.

- ત્યારબાદ 6 ડિસેમ્બર, 2023ના રોજ લોકસભામાંથી પસાર થયું હતું.
- આ બિલ અંતર્ગત ‘જમ્મુ અને કાશ્મીર આરક્ષણ અધિનિયમ, 2004’માં સુધારો કરવામાં આવ્યો છે.
- જમ્મુ અને કાશ્મીર આરક્ષણ અધિનિયમ, 2004 અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને અન્ય સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના સભ્યોને નોકરીઓ અને વ્યાવસાયિક સંસ્થાઓમાં પ્રવેશમાં અનામત પ્રદાન કરે છે.
- સુધારા વિધેયક અનુસાર અગાઉ ‘નબળા અને વંચિત વર્ગો’ (સામાજિક જાતિ) તરીકે ઓળખાતા વ્યક્તિઓનો વર્ગ હવે ‘અન્ય પછાત વર્ગો’ તરીકે વર્ણાવી શકાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન (સુધારા) બિલ, 2023

જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન (સુધારા) બિલ, 2023 2019ના અધિનિયમમાં સુધારો કરશે.

- તથા આ બિલ કાશ્મીરી સ્થળાંતર કરનારાઓ અને POKમાંથી વિસ્થાપિત વ્યક્તિઓને પ્રતિનિધિત્વ પ્રદાન કરવા માંગે છે.
- લેફ્ટનન્ટ ગવર્નરને વિધાનસભામાં 3 સભ્યોને નોમિનેટ કરવાની સત્તા આપે છે :

  (1) એક મહિલા સહિત કાશ્મીરી સ્થળાંતર સમુદાયના બે સભ્યો

  (2) તથા પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (POK)માંથી વિસ્થાપિત વ્યક્તિઓનું પ્રતિનિધિત્વ કરતી વ્યક્તિ
- આ બિલમાં જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની કુલ બેઠકોની સંખ્યા 107 થી વધારીને 114 કરવાનો પ્રસ્તાવ છે.

- જેમાંથી <u>7 બેઠકો</u> અનુસૂચિત જાતિના સભ્યો માટે અને <u>9 બેઠકો</u> અનુસૂચિત જનજાતિના ધારાસભ્યો માટે આરક્ષિત હશે.
- આ બિલ અનુસાર POK માટે <u>24 વિધાનસભાની બેઠકો</u> અનામત રાખવામાં આવી છે.

## RBIએ પાંચમી વખત રેપો રેટ 6.5 ટકાના દરે જાળવી રાખ્યો

તાજેતરમાં <u>RBI મોનેટરી પોલિસી કમિટી</u> 6 થી 8 ડિસેમ્બર, 2023 દરમિયાન યોજાઈ હતી.

- ભારતીય રિઝર્વ બેંક દ્વારા સતત પાંચમી વખત રેપો રેટ <u>6.5 ટકાના દરે</u> યથાવત રાખવામાં આવ્યો છે.
- આ ઉપરાંત RBIએ <u>નાણાકીય વર્ષ-24</u> માટે ફૂગાવાનો અંદાજ <u>5.40 ટકાએ</u> યથાવત રાખ્યો છે.
- તથા RBIએ <u>નાણાકીય વર્ષ-24</u> માટે GDP ગ્રોથનું અનુમાન <u>6.5 ટકાથી વધારીને 7 ટકા</u> કર્યુ છે.

### RBI બેંકના વર્તમાન દરો

| ક્રમ | ઈન્ડિકેટર્સ | વ્યાજદર (ટકામાં) |
|---|---|---|
| 1 | રેપો રેટ | 6.50% |
| 2 | SDF | 6.25% |
| 3 | MSF | 6.75% |
| 4 | બેંક રેટ | 6.75% |
| 5 | CRR | 4.50% |
| 6 | SLR | 18.00% |




નોંધ : (1) રિઝર્વ બેંક જે દરે અન્ય બેંકોને ધિરાણ કરે છે તે દરને <u>રેપો રેટ</u> કહે છે.

(2) જ્યારે રિઝર્વ બેંક અન્ય બેંકો પાસેથી જે દરે ધિરાણ લે છે તે દરને <u>રિવર્સ રેપો રેટ</u> કહેવામાં આવે છે.

(3) CRRનું પૂરું નામ '<u>Cash Reserve Ratio</u>' છે.

(4) SLRનું પૂરું નામ '<u>Statutory Liquidity Ratio</u>' છે.

(5) MSFનું પૂરું નામ '<u>Marginal Standing Facility</u>' છે.

### નાણાકીય નીતિ સમિતિ(MPC) શું છે ?

<u>RBI એક્ટ, 1934ના સુધારેલા (2016માં) કલમ 45ZB હેઠળ</u> કેન્દ્ર સરકારને <u>છ સભ્યોની</u> મોનેટરી પોલિસી કમિટી (MPC)ની રચના કરવાની સત્તા આપવામાં આવી છે.

- મોનેટરી પોલિસી કમિટી ફુગાવાના લક્ષ્યને હાંસલ કરવા માટે જરૂરી નીતિગત વ્યાજદર (રેપો રેટ) નક્કી કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

## MPCની રચના

**કલમ 45ZBમાં જણાવ્યા મુજબ MPCમાં 6 સભ્યો હશે :**

(a) RBI ગવર્નર તેના હોદ્દેદાર અધ્યક્ષ તરીકે,

(b) નાણાકીય નીતિના પ્રભારી ડેપ્યુટી ગવર્નર,

(c) સેન્ટ્રલ બોર્ડ દ્વારા નોમિનેટ કરવામાં આવનાર બેંકના અધિકારી

(d) કેન્દ્ર સરકાર દ્વારા ત્રણ વ્યક્તિની નિમણૂક કરવામાં આવશે.

**નોંધ :** નિમણૂકની આ શ્રેણી 'ક્ષમતા, પ્રામાણિકતા અને સ્થાયી, અર્થશાસ્ત્ર અથવા બેંકિંગ અથવા નાણાકીય અથવા નાણાકીય નીતિના ક્ષેત્રમાં જ્ઞાન અને અનુભવ ધરાવતા વ્યક્તિઓ'માંથી હોવી જોઈએ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નાણાકીય નીતિના ઘટકો

નાણાકીય નીતિના અમલીકરણ માટે ઘણા પ્રત્યક્ષ અને પરોક્ષ સાધનો અથવા ઘટકોનો ઉપયોગ થાય છે જે નીચે મુજબ છે :

(1) રેપો રેટ,

(2) સ્ટેન્ડિંગ ડિપોઝિટ ફેસિલિટી (SDF) દર

(3) માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી (MSF) દર,

(4) લિક્વિડિટી એડજસ્ટમેન્ટ ફેસિલિટી (LAF)

(5) કોરિડોર,

(6) રિવર્સ રેપો રેટ

(7) બેંક રેટ,

(8) રિઝર્વ રેશિયો (CRR)

(9) સ્ટેચ્યુટરી લિક્વિડિટી રેશિયો (SLR),

(10) ઓપન માર્કેટ ઓપરેશન્સ



1. 'આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 9 ડિસેમ્બર (B) 10 ડિસેમ્બર (C) 11 ડિસેમ્બર (D) 12 ડિસેમ્બર

(A)

2. તાજેતરમાં લોકસભામાંથી 'જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન (સુધારા) બિલ, 2023' પસાર કરવામાં આવ્યું હતું. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ બિલ અંતર્ગત 2019ના પુનર્ગઠન અધિનિયમમાં સુધારો કરવામાં આવ્યો છે.
2. આ બિલમાં જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની કુલ બેઠકોની સંખ્યા 107થી વધારીને 114 કરવાનો પ્રસ્તાવ છે.
3. જેમાંથી 3 બેઠકો અનુસૂચિત જાતિ અને 13 બેઠકો અનુસૂચિત જનજાતિ માટે અનામત રાખવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

(A)

3. તાજેતરમાં RBI મોનેટરી પોલિસી કમિટીની બેઠક (ડિસેમ્બર-2023) યોજાઈ હતી. જેમાં રેપો રેટ _____ ટકાના દરે પાંચમી વખત જાળવી રાખવાનો નિર્ણય કર્યો છે.

(A) 5.3% (B) 4.2% (C) 6.5% (D) 7.0%

(C)

અન્ય મહત્વનું

# ONE LINER

CURRENT AFFAIRS

## ગુજરાત

➤ **ગાંધીનગરમાં 12મી ઈન્ટરપા કોન્ફરન્સ યોજાઈ**



ગાંધીનગર સ્થિત નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી ખાતે તાજેતરમાં 12મી ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ પોલીસ એકેડેમીઝ–ઈન્ટરપા કોન્ફરન્સ યોજાઈ હતી. આ કોન્ફરન્સમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત વિશ્વભરના મહાનુભાવો, તજજ્ઞો અને કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે પોલીસ બળ કાનૂન વ્યવસ્થા અને શાંતિ સલામતી જાળવવાની સાથે ડિઝાસ્ટર મેનેજમેન્ટ, રેસ્ક્યુ અને સેફ્ટી ઓપરેશન્સ તેમજ કુદરતી કે માનવસર્જિત અનેક આપાદાઓમાં પણ પોલીસ દળ સતત કાર્યરત રહે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **'ગીતાનો જીવનધ્વની' પુસ્તકનું વિમોચન**

કલેક્ટર અને જાણિતા આધ્યાત્મિક લેખક શ્રી અશોક શર્મા દ્વારા લિખિત 'ગીતાનો જીવનધ્વની' પુસ્તકનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગર ખાતે વિમોચન કર્યુ હતું. આ અગાઉ પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શ્રી અશોક શર્મા દ્વારા લેખિત પુસ્તક 'મોહન સે મોહન'નું વિમોચન કર્યુ હતું.

➤ **ગુજરાતની તમામ સરકારી યુનિવર્સિટીમાં એડમિશન માટેનું એક જ કોમન પોર્ટલ**

રાજ્યમાં હવેથી તમામ સરકારી યુનિવર્સિટીમાં એડ્મિશન માટે એક કોમન પોર્ટલ 'ગુજરાત કોમન એડમિશન સર્વિસિસ (GCAS)' કાર્યરત રહેશે. સરકારી યુનિવર્સિટીઓના તમામ અભ્યાસક્રમો, ફેકલ્ટી અને વિદ્યાર્થીઓને આવરી લેતી શરૂઆતથી અંત સુધીની એડ્મિશન પ્રક્રિયાને સંચાલિત કરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા સરળ અને સુરક્ષિત એપ્લિકેશન વિકસાવવામાં આવી છે. શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે હાલમાં દરેક વિદ્યાર્થી સરેરાશ રૂ.500 ખર્ચીને અંદાજે પાંચ કોર્સમાં અરજી કરે છે, તેની જગ્યાએ હવે GCAS દ્વારા નજીવી ફીમાં અમર્યાદિત યુનિવર્સિટી કે કોર્સમાં વિદ્યાર્થીઓ અરજી કરી શકશે.

# ભારત

## ➤ ભારતીય નૌકાદળ માટે ત્રણ સબમરીન વિરોધી યુદ્ધ જહાજો



કોચીએ ભારતીય નૌકાદળ માટે બનાવવામાં આવી રહેલ 08 x ASW શેલો વોટર ક્રાફ્ટ (CSL) પ્રોજેક્ટના પ્રથમ ત્રણ જહાજો માહે, માલવણ અને માંગરોલને CSL, કોચી ખાતે લોન્ચ કરવામાં આવ્યા છે. આ જહાજો અભય વર્ગના ASW કોર્વેટ્સને બદલવા અને સબમરીન વિરોધી કામગીરી, દરિયાકાંઠાના સંરક્ષણ, તથા સબ–સરફેસ સર્વેલન્સમાં શ્રેષ્ઠ બનવા માટે તૈયાર છે. તેઓ 25 સમુદ્રી માઈલની મહત્તમ ઝડપ ધરાવે છે. અને શોધ તથા બચાવ મિશન તેમજ એરક્રાફ્ટ સાથે સંકલિત ASW કામગીરીમાં કાર્યક્ષમ બનવા માટે રચાયેલ છે.

## ➤ તેજસ એરક્રાફ્ટ અને પ્રચંડ હેલિકોપ્ટર



તાજેતરમાં ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ (DAC)એ 97 લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસ (માર્ક 1A) અને 156 લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર પ્રચંડ (LCH)ની ખરીદી માટે રૂ.2.23 લાખ કરોડને મંજૂરી આપી છે. જેનો ઉપયોગ આપણા સશસ્ત્રોની ઓપરેશનલ ક્ષમતાઓને વધારવા માટે કરવામાં આવશે. આ ખરીદીનો હેતુ તેની કુલ રકમના 98% સ્થાનિક ઉદ્યોગમાંથી મેળવવાનો છે, જેનાથી ભારતીય સંરક્ષણ ઉદ્યોગને 'આત્મનિર્ભરતા' તરફ વધુ પ્રોત્સાહન મળશે. આ ઉપરાંત DACએ સરકારી માલિકીની એરોસ્પેસ કંપની હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા તેના સુખોઈ-30 ફાઈટર ફ્લીટને અપગ્રેડ કરવાના ભારતીય વાયુસેનાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી હતી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAM

## ➤ મહાસાગર પહેલ

તાજેતરમાં ભારતીય નૌસેનાની પહેલ 'મહાસાગર'ના પ્રથમ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હિંદ મહાસાગર ક્ષેત્ર (IOR)ના વિવિધ દેશોના દરિયાઈ વડાઓએ ભાગ લીધો હતો. તેની થીમ 'સામાન્ય પડકારોનો સામનો કરવા માટે સામૂહિક દરિયાઈ અભિગમ' હતી. MAHASAGR પહેલ એ પ્રદેશમાં તમામ માટે સક્રિય સુરક્ષા અને વિકાસ માટે દરિયાઈ અભિગમની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેનો ઉદ્દેશ IOR દેશો વચ્ચે સહકારને પ્રોત્સાહન આપવા માટે ઉચ્ચ સ્તરીય સંવાદ માટે એક પ્લેટફોર્મ બનાવવાનો છે. તેમાં બાંગ્લાદેશ, કોમોરસ, કેન્યા, મેડાગાસ્કર, માલદીવ્સ, મોરેશિયસ, મોઝામ્બિક, સેશેલ્સ, શ્રીલંકા અને તાન્ઝાનિયાના નૌકાદળ અને દરિયાઈ એજન્સીઓના વડાઓએ હાજરી આપી હતી.

➤ **Pilatus PC-7 MK-II ટ્રેનર એરક્રાફ્ટ**



તાજેતરમાં Pilatus PC-7 MK-II ટ્રેનર એરક્રાફ્ટ તેલંગાણાના ડુંડીગલમાં એરફોર્સ એકેડેમીમાંથી નિયમિત તાલીમ ઉડાન દરમિયાન ક્રેશ થયું હતું, જેમાં ભારતીય વાયુસેનાના બે પાઈલોટના મૃત્યુ થયા હતા. ટ્રેનર એરક્રાફ્ટ એ ખાસ એરક્રાફ્ટ છે જે પાયલોટ અને વાયુ સૈનિકોને તાલીમ આપવા માટે રચાયેલ છે. કારણ કે આધુનિક લશ્કરી વિમાન નવા પાઈલોટ્સ માટે જટિલ અને પડકારરૂપ છે, ટ્રેનર એરક્રાફ્ટ મૂળભૂત સ્ટેપિંગ સ્ટોન તરીકે કામ કરે છે. આ એરક્રાફ્ટ સરળ, પ્રમાણમાં ધીમા અને વધુ આર્થિક છે, જે શિખાઉ લોકોને મૂળભૂત કૌશલ્યો શીખવામાં મદદ કરે છે. ભારતીય વાયુસેના હાલમાં 75 Pilatus PC-7 MK-II એરક્રાફ્ટ ચલાવે છે. PC-7 એ ટેન્ડમ સીટિંગ સાથેનું ટર્બો–પ્રોપ એરક્રાફ્ટ છે, જે 1990ના દાયકામાં મૂળ 1970ના મોડલના સુધારેલા સંસ્કરણ તરીકે રજૂ કરવામાં આવ્યું હતું. પ્રેટ એન્ડ વ્હિટની એન્જિનો દ્વારા સંચાલિત, તેની મહત્તમ ઝડપ 412 કિમી/કલાક છે, તે 10,000 મીટરથી વધુની ઊંચાઈએ ઉડવા માટે સક્ષમ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **Build For Bharat**

ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ (ONDC)એ ગૂગલ ક્લાઉડ ઈન્ડિયા, એંટલર ઈન ઈન્ડિયા, Paytm, Proteus અને સ્ટાર્ટઅપ ઈન્ડિયા સાથે મળીને Build For Bharat પહેલને સત્તાવાર રીતે લોન્ચ કરી છે. આ રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમનો હેતુ ડિજિટલ કોમર્સમાં પડકારોને સંબોધવાનો, વિવિધ ક્ષેત્રમાં નવીનતા અને વ્યવહારૂ ઉકેલોને પ્રોત્સાહન આપવાનો છે. આ પહેલમાં સ્ટાર્ટઅપ્સ, સાહસો અને શૈક્ષણિક સંસ્થાઓ સહિત 2,00,000થી વધુ સહભાગીઓ સામેલ થવાની અપેક્ષા છે. આ પહેલની મુખ્ય ત્રણ શ્રેણી છે : 1. નેક્સ્ટજેન વેન્ચર્સ (કેટેગરી 1), 2. સ્કેલેબલ સોલ્યુશન્સ (કેટેગરી 2), 3. ફાઉન્ડેશન સોલ્યુશન્સ (કેટેગરી 3). કેટેગરી 1ના વિજેતાઓને ભારતમાં એન્ટલર તરફથી વિશિષ્ટ તકો, ઉદ્યોગના અગ્રણીઓ તરફથી માર્ગદર્શન અને રૂ. 5 કરોડ સુધીનું ઈક્વિટી–મુક્ત ભંડોળ પ્રાપ્ત થશે. કેટેગરી 2 અને કેટેગરી 3ના વિજેતાઓને તેમના પ્રોજેક્ટમાં વધુ નવીનતા લાવવા માટે Google Cloud India તરફથી ક્લાઉડની ક્રેડિટ્સ પ્રાપ્ત થશે.

➤ **ભારતે લિથિયમ અને ગ્રેફાઈટ સહિત 20 મહત્ત્વપૂર્ણ ખનીજ બ્લોક હરાજી માટે મુક્યા**

લિથિયમ, કોબાલ્ટ અને ટાઈટેનિયમ જેવી મહત્ત્વપૂર્ણ ખનીજોની સપ્લાય ચેઈન નિર્બાધ રીતે ચાલતી રહે તેમ સુનિશ્ચિત કરવાના આશય સાથે કેન્દ્ર સરકારે તાજેતરમાં ક્રિટિકલ અને સ્ટ્રેટેજિક મિનરલ્સની હરાજી અંગેની જાહેરાત કરી હતી. કુલ 20 બ્લોક હરાજી માટે મૂકવામાં આવ્યા છે અને આ તમામ બ્લોક્સની અંદાજે સંયુક્ત કિંમત લગભગ 45,000 કરોડ રૂપિયા થાય છે. કેન્દ્રીય મંત્રી શ્રી પ્રહલાદ જોષીએ આ માહિતી આપી હતી. આ 20 મિનરલ બ્લોક ઉત્તરપ્રદેશ, ગુજરાત, ઝારખંડ, બિહાર, ઓડિશા, તમિલનાડુ, છત્તીસગઢ અને જમ્મુ–કાશ્મીર રાજ્યોમાં આવ્યા છે. અને તે બ્લોક પૈકી 16 માટે કમ્પોઝિટ લાયસન્સ ઈશ્યૂ કરવામાં આવશે જ્યારે બાકીના ચાર બ્લોક માટે માઈનિંગ લાયસન્સ ઈશ્યૂ કરવામાં આવશે.

➤ **'ગ્રામ માનચિત્ર' એપ**



ગ્રામ પંચાયત સ્તરે અવકાશી આયોજનને વધારવાના વ્યૂહાત્મક પગલામાં પંચાયતી રાજ મંત્રાલયે 'ગ્રામ માનચિત્ર' (ગામનો નકશો) તરીકે ઓળખાતી 'ભૌગોલિક માહિતી સિસ્ટમ' (GIS) એપ્લિકેશન શરૂ કરી છે. આ નવીન એપ્લિકેશન ગ્રામ પંચાયતોને તેમના આયોજન પ્રયાસોમાં સશક્ત બનાવવા માટે જિયોસ્પેશિયલ ટેક્નોલોજીનો લાભ લે છે. 'ગ્રામ માનચિત્ર' એક સંકલિત જીયોસ્પેશિયલ પ્લેટફોર્મ તરીકે સેવા આપે છે, જે વિવિધ વિસ્તારોમાં વિકાસલક્ષી કાર્યોનો વ્યાપક દષ્ટિકોણ પ્રદાન કરે છે. તે ગ્રામ પંચાયતોને ગ્રામ પંચાયત વિકાસ આયોજન (GPDA) માટે નિર્ણય સહાયક દષ્ટિકોણ પ્રદાન કરે છે. ગ્રામ માનચિત્રને પૂરક બનાવીને મંત્રાલયે 'mActionSoft' રજૂ કર્યુ છે, જે GPS કોઓર્ડિનેટ્સને સમાવિષ્ટ જીઓ–ટેગ્સ સાથે ફોટોગ્રાફસ કેપ્ચર કરવા માટે રચાયેલ મોબાઈલ આધારિત સોલ્યુશન્સ છે.

➤ **ઈથેનોલ માટે શેરડીના રસના ઉપયોગ પર પ્રતિબંધ**

2023-24 પુરવઠા વર્ષમાં ઈથેનોલ ઉત્પાદન માટે શેરડીના રસ અને ખાંડની ચાસણીના ઉપયોગ પર કેન્દ્ર દ્વારા તાજેતરના પ્રતિબંધનો હેતુ સ્થાનિક વપરાશ માટે ખાંડની પર્યાપ્ત ઉપલબ્ધતા જાળવવા અને ભાવ સ્થિર રાખવાનો છે. જોકે, સરકારે ઈથેનોલ ઉત્પાદન માટે બી–મોલાસીસના ઉપયોગને મંજૂરી આપી છે. ઈન્ડિયન સુગર મિલ્સ એસોસિએશન (ISMA)એ 2023-24 માર્કેટિંગ વર્ષ માટે ખાંડના કુલ ઉત્પાદનમાં 9% ઘટાડો થવાનો અંદાજ મૂક્યો છે, જે પરિસ્થિતિને વધુ જટીલ બનાવે છે.

➤ **ઉત્તર-પૂર્વ ભારત માટે નવા આંતરરાષ્ટ્રીય હવાઈ માર્ગો**

તાજેતરમાં કેન્દ્રની 'ઉડે દેશ કા આમ નાગરિક' (UDAN) પહેલે ઉત્તર–પૂર્વીય રાજ્યોને આંતરરાષ્ટ્રીય સ્થળો સાથે જોડતા ચાર નવા હવાઈ માર્ગોને મંજૂરી આપી છે. આ માર્ગો આસામને થાઈલેન્ડ અને બાંગ્લાદેશ સાથે જોડશે. UDAN યોજના હેઠળ આ રૂટ પર રાહતદરે હવાઈ ભાડા પ્રદાન કરવામાં આવશે, જે પ્રાદેશિક હવાઈ જોડાણને વધારવામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. UDAN યોજનામાં હવાઈ ભાડા માટે રાજ્યની સબસિડીનો સમાવેશ થાય છે, જેમાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા બિડિંગ પ્રક્રિયા, એરલાઈનની પસંદગી અને અનુગામી સબસિડી ફાળવણીનું સંચાલન કરે છે. જેમાં રાજ્યો સૌથી ઓછી બોલી લગાવનારને સદ્ધરતા ગેપ ફંડ પ્રદાન કરે છે.

## વિશ્વ

➤ **100% ગ્રીન ઇંધણનો ઉપયોગ કરવા માટે વિશ્વની પ્રથમ ટ્રાન્સએટલાન્ટિક ફ્લાઈટ**



વર્જિન એટલાન્ટિકે 100% સસ્ટેનેબલ એવિએશન ફ્યુઅલ (SAF) દ્વારા સંચાલિત વિશ્વની પ્રથમ ટ્રાન્સએટલાન્ટિક ફ્લાઈટ સાથે ઈતિહાસ રચ્યો છે. 'ફ્લાઈટ 100' નામની આ ફ્લાઈટએ લંડનના હીથ્રો એરપોર્ટ પરથી ઉડાન ભરી હતી અને તેનું ડેસ્ટિનેશન ન્યુયોર્કનું જોહ્ન એફ. કેનેડી ઈન્ટરનેશનલ એરપોર્ટ હતું. ફ્લાઈટ 100 એ ટકાઉ ઉડ્ડયનમાં એક સીમાચિહ્નરૂપ છે, જે પરંપરાગત જેટ ઈંધણના સુરક્ષિત સ્થાન તરીકે SAFની શક્યતા દર્શાવે છે. ફ્લાઈટનું સંચાલન વર્જિન બોઈંગ 787 દ્વારા કરવામાં આવે છે, જે રોલ્સ–રોયસ ટ્રેન્ટ 1000 એન્જિનથી સજ્જ છે. SAFનો ઉપયોગ ઉડ્ડયન કાર્બન ફૂટપ્રિન્ટને નોંધપાત્ર રીતે ઘટાડવાનો છે. ફ્લાઈટ 100માં વપરાતું SAF એ 'યુનિક ડ્યુઅલ બ્લેન્ડ' છે જેમાં 88% HEFA અને 12% SAKનો સમાવેશ થાય છે.

➤ **ઈટાલી 'બેલ્ટ એન્ડ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર'થી અલગ થયું**

ઈટાલી ચીનની બેલ્ટ એન્ડ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પહેલમાંથી સત્તાવાર રીતે દૂર થયું છે, સાઈન અપ કરનાર એકમાત્ર G7 રાષ્ટ્ર બન્યાના ચાર વર્ષથી વધુ સમય બાદ તેની ભાગીદારીનો અંત આવ્યો છે. ઈટાલી 2019માં તત્કાલીન વડાપ્રધાન જ્યુસેપ કોન્ટેની સરકાર હેઠળ બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ (BRI)માં જોડાયું હતું. ઈટાલીના વર્તમાન વડાપ્રધાન મેલોનીએ પહેલની ટીકા કરી છે, ઈટાલીને તેના મર્યાદિત લાભો અને રાજકીય પ્રભાવ ખરીદવા માટે બેઈજિંગ દ્વારા તેનો ઉપયોગ કરવાની સંભાવના વિશે ચિંતા વ્યક્ત કરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **સૌથી અદ્યતન ન્યુક્લિયર ફ્યુઝન રિએક્ટર JT-60SAએ કામગીરી શરૂ કરી**



જાપાનના નાકા નોર્થમાં વિશ્વનું સૌથી મોટું પરમાણુ ફ્યુઝન રિએક્ટર શરૂ થયું છે. સમગ્ર વિશ્વમાં જેટલા પરમાણુ વીજ મથકો છે તે તમામ પરમાણુ વિખંડન (ફિઝન) પર ચાલે છે જ્યારે આ ન્યુક્લિયર સંયોજન (ફ્યુઝન)માંથી ઊર્જા ઉત્પન્ન કરશે. એટલે કે તે બે અણુઓના કેન્દ્રકને પરસ્પર જોડે છે જ્યારે ફિઝનમાં કેન્દ્રકને અલગ કરવામાં આવે છે. આ ન્યુક્લિયર રિએક્ટરનું નામ JT-60SA છે. તે મોટા પાયે સલામત અને કાર્બન ઊર્જા ઉત્પન્ન કરવા માટે રચાયેલ છે. હાલ તેને એક પ્રયોગ તરીકે ચાલું કરાયું છે, જે પછીથી લોકો અથવા દેશની જરૂરિયાત અનુસાર મોટા પાયે સ્થાપવામાં આવશે. જો પરમાણુ ફ્યુઝનથી સ્વચ્છ વીજળી ઉત્પન્ન થાય તો ભવિષ્યમાં પ્રદૂષણ મુક્ત પદ્ધતિ સાબિત થશે. આ રિએક્ટર યુરોપિયન યુનિયન અને જાપાન દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવ્યું છે.




# QUESTION OF THIS WEEK

1. તાજેતરમાં _____ ના પશ્ચિમ સુમાત્રામાં મેરાપી જ્વાળામુખી ફાટી નિકળ્યો હતો. – ઈન્ડોનેશિયા
2. તાજેતરમાં સમાચારમાં રહેલ ‘ફોકલેન્ડ શિબિર’ કયા રાજ્યમાં સ્થિત છે ? – મિઝોરમ
3. તાજેતરમાં સમાચારમાં રહેલ ‘કોડેક્સ એલિમેન્ટેરિયસ કમિશન’ (ખોરાકના ધોરણો, અને માર્ગદર્શિકા સંબંધિત આંતર–સરકારી સંસ્થા) કઈ બે સંસ્થા દ્વારા સ્થાપિત કરવામાં આવ્યું હતું ? – FAO અને WHO
4. સંરક્ષણ મંત્રાલયે લગભગ 3000 કરોડમાં અપગ્રેડેડ સુપર રેપિડ ગન માઉન્ટ અને અન્ય સાધનો માટે કઈ સંસ્થા સાથે કરાર કર્યો હતો ? – BHEL
5. વીમા ક્ષેત્ર પર ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટની અસરની તપાસ કરવા માટે કઈ સંસ્થાએ ટાસ્ક ફોર્સની રચના કરી છે ? – IRDAI
6. વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં ઓનલાઈન સલામતી અને ડિજિટલ નાગરિકતા વિશે જાગૃતિ લાવવા માટે કયા રાજ્યએ Meta સાથે સહયોગ કર્યો છે ? – કર્ણાટક
7. કયા રાજ્યએ 13મી સિનિયર નેશનલ મેન્સ હોકી ચેમ્પિયનશિપનું ટાઈટલ જીત્યું છે ? – પંજાબ
8. કંગલા પેલેસ કયા રાજ્યનું ઐતિહાસિક અને પુરાતત્ત્વીય સ્થળ છે ? – મણિપુર
9. કયા કેન્દ્રીય મંત્રાલયે વિકલાંગ બાળકોને મદદ કરવા આંગણવાડી કાર્યકરોને તાલીમ આપવા માટે રાષ્ટ્રીય પ્રોટોકોલ શરૂ કર્યો છે ? – મહિલા અને બાળ વિકાસ મંત્રાલય
10. ભારતમાં સ્ટ્રેચેડ લોનના વેચાણ અને ખરીદી માટે મુખ્ય નિયમનકાર કોણ છે ? – RBI
11. ASEAN ઈન્ડિયા ગ્રાસરૂટ ઈનોવેશન ફોરમ (AIGIF) કયા દેશમાં શરૂ કરવામાં આવ્યું હતું ? – મલેશિયા
12. તાજેતરમાં કોણે 'FASTER 2.0' પોર્ટલ શરૂ કર્યું છે ? – સુપ્રીમ કોર્ટ
13. કયું શહેર ‘વર્લ્ડ ક્લાયમેટ એક્શન સમિટ 2023’નું યજમાન છે ? – દુબઈ
14. તાજેતરમાં ચર્ચામાં રહેલ ‘કેર્ન્સ ગ્રુપ’ કઈ શ્રેણીના દેશો સાથે સંકળાયેલું છે ? – કૃષિ નિકાસ
15. SEBIના આદેશ મુજબ AMCની અસ્કયામતોના કેટલા બેસિસ પોઈન્ટ રોકાણકારોની જાગૃતિ પ્રવૃત્તિઓ પર ખર્ચવા જોઈએ ? – 2 બેસિસ પોઈન્ટ
16. તાજેતરમાં કઈ હાઈકોર્ટે કહ્યું કે ‘ઝડપી ન્યાયનો અધિકાર એ મૂળભૂત અધિકાર’ છે ? – મધ્યપ્રદેશ હાઈકોર્ટ
17. તાજેતરમાં સમાચારમાં રહેલ બોન્ડવોલ તળાવ કયા રાજ્યમાં આવેલું છે ? – ગોવા
18. તાજેતરમાં ભારત અને કેન્યા વચ્ચે કેટલા કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા ? – 5

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**19.** તાજેતરમાં કયા રાજ્યના કોલસા ક્ષેત્રમાં વન વાવેતર માટે મિયાવાકી પદ્ધતિ અપનાવવામાં આવી હતી ?

– છત્તીસગઢ

**20.** તાજેતરમાં ભારતે તેના કૃષિ ક્ષેત્રના આધુનિકીકરણ માટે કયા દેશને 250 મિલિયન અમેરિકન ડોલર ધિરાણની જાહેરાત કરી છે ? – કેન્યા

**21.** iGOT કર્મયોગી પ્લેટફોર્મ એ કઈ કેટેગરીના લોકો માટે શરૂ કરાયેલ ઓનલાઈન લર્નિંગ પોર્ટલ છે ?

– સરકારી અધિકારીઓ

**22.** કયા દેશે નાણાકીય જોખમને નિયંત્રિત કરવા માટે 'એક પ્રાંત, એક નીતિ' યોજના ઘડી છે ? – ચીન

**23.** કઈ સંસ્થા ભારતમાં 'કમ્પોઝિટ વોટર મેનેજમેન્ટ ઈન્ડેક્સ' બહાર પાડે છે ? – નીતિ આયોગ

**24.** કયા દેશે પ્રાથમિક કારણ તરીકે ભારત સરકાર તરફથી સતત પડકારોને ટાંકીને ભારતમાં તેના દૂતાવાસને કાયમી ધોરણે બંધ કરવાની સત્તાવાર જાહેરાત કરી છે ? – અફઘાનિસ્તાન

**25.** વિશ્વના સૌથી મોટા આઈસબર્ગનું નામ શું છે, જેણે તાજેતરમાં અસામાન્ય મુસાફરી શરૂ કરી છે ? – A23a

**26.** મિઝોરમના રાજ્યપાલ ડો. હરિબાબુ કુંભપતિ દ્વારા ભારતની પ્રથમ મહિલા સહાયક–ડી–કેમ્પ (ADC) તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – મનીષા પાધી

**27.** તાજેતરમાં IGBC દ્વારા પર્યાવરણીય ટકાઉપણાની પ્રતિબદ્ધતા માટે કયા રેલવે સ્ટેશનને પ્રતિષ્ઠિત પ્લેટિનમ રેટિંગ આપવામાં આવ્યું છે ? – વિજયવાડા રેલવે સ્ટેશન

**28.** ભારતના કયા રાજ્યએ તમામ રાજ્યોમાં બેંકિંગ સેવાઓ પૂરી પાડવા માટે 'AMA બેંક' યોજના શરૂ કરી છે. ?

– ઓડિશા

**29.** કયું ભારતીય રાજ્ય અલ્ટીમેટ ખો ખો (UKK)ની બીજી આવૃત્તિનું આયોજન કરી રહ્યું છે ? – ઓડિશા

**30.** મેરિયમ–વેબસ્ટરનો વર્ષ 2023 માટેનો શબ્દ શું છે ? – Authentic

**31.** તાજેતરમાં સશસ્ત્રો દળો ટ્રાન્સફ્યુઝન સેન્ટરમાં પ્રથમ મહિલા કમાન્ડિંગ ઓફિસર બનીને કોણે ઈતિહાસ રચ્યો છે ?

– સુનિતા બી.એસ

**32.** તાજેતરમાં કયા દક્ષિણ એશિયાઈ દેશે સમલૈંગિક લગ્નની ઔપચારિક રીતે નોંધણી કરીને ઈતિહાસ રચ્યો છે ?

– નેપાળ

**33.** નાગાલેન્ડ સ્થાપના દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ? – 1 ડિસેમ્બર

**34.** સરકારી સંચાલિત શાળાઓમાં ધોરણ-3-8માં શૈક્ષણિક રીતે અસક્ષમ વિદ્યાર્થીઓને ટેકો આપવા માટે તાજેતરમાં કયા ભારતીય રાજ્યએ 'મિશન દક્ષ' શરૂ કર્યું છે ? – બિહાર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

35. કઈ સંસ્થા 'ગજરાજ સિસ્ટમ' લાગુ કરી રહી છે, જે હાથીના રક્ષણ માટે AI-આધારિત ઉકેલ છે ?
– ભારતીય રેલવે

36. તાજેતરમાં ચેસ ગ્રાન્ડમાસ્ટરનું બિરૂદ મેળવનારી ભારતની ત્રીજી મહિલા કોણ બની છે ? – વૈશાલી રમેશ બાબુ

37. ભારતમાં પાણી, સ્વચ્છતા અને સ્વચ્છતા લોન આપવા માટે કઈ નાણાકીય સંસ્થાએ Water.org સાથે ભાગીદારી કરી છે ?
– Ujjivan SFB

38. ભારતના કયા શહેરમાં 115 મિલિયન વર્ષ જૂના ક્રેટેસિયસ શાર્કના અવશેષો મળી આવ્યા હતા ?
– જેસલમેર, રાજસ્થાન

39. તાજેતરમાં ગૂગલ ડૂડલે ______ નામના હાથીની ઉજવણી કરી હતી. જે તેના મોટા દાંડી માટે જાણીતા હતા.
– અહેમદ, ધ એલિફન્ટ

40. ભારતના કયા રાજ્યની લાકાડોંગ હળદરને તાજેતરમાં તેની અસાધારણ ગુણવત્તા માટે GI ટેગ પ્રાપ્ત થયો છે ?
– મેઘાલય

41. BBCના નવા અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – સમીર શાહ